સુવિચાર
સમસ્યાઓનું નિરાકરણ વ્યવહારિક સમાધાન કેળવવાથી થાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૭/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ અષાઢ વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૯૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૨૭-૦૭-૨૦૨૪, શનિવાર
સમય બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩, મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## અમરેલીમાં ૧૦ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ બનેલ ઘટનાનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં

# ગૌવંશની કતલ કરનાર એક મહિલા સહિત ૬ આરોપીઓને ૧૦ વર્ષની કેદ

**મીની કસ્બાવાડમાં આવેલ અલીફનગરમાં બે વાછરડાની કતલ કરવામાં આવી હતી**

**બનાવ બાદ પોલીસે ૪ આરોપીની અને બાદમાં અન્ય ૨ આરોપીની ધરપકડ કરી હતી**

**તમામ આરોપીઓને રૂપિયા ૨,૦૫,૧૦૦નો દંડ પણ સેશન્સ કોર્ટે ફટકાર્યો**

**સરકારી વકીલ સી.બી. મહેતાની દલીલોનાં આધારે સેશન્સ જજ રિઝવાના બુખારીએ સજા ફટકારી**


એડવોકેટ સી.બી. મહેતા

અમરેલી, તા. ૨૫

અમરેલીના મીની કસ્બાવાડમાં આવેલ અલીફનગર વિસ્તારમાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું કૃત્ય કરી ગૌવંશ કાપી તેમનું લોહી પાલિકાની ગટરમાં નાંખી જાહેરમાં ઉપદ્રવ ફેલાવી તથા બે વાછરડાને કતલ કરવાના ઈરાદે ગોંધી રાખેલ તથા બોલેરોમાં ગૌવંશ બે કોથળી તથા કતલ કરવાના સાધનો સહિત રૂપિયા ૧,૩૫,૧૭૦ના મુદામાલ સાથે આશરે પાંચ વર્ષ પહેલાં ચાર આરોપી ઝડપાયા હતાં જયારે બે આરોપી નાશી છૂટયા હતાં. આ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે એક મહિલા સહિત ૬ આરોપીને ૧૦ વર્ષની સખત કેદ તથા દરેકને રૂપિયા ૨,૦૫,૧૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં અમરેલીના મોટા કસ્બાવાડમાં રહેતા સાજીદ ઉર્ફે હાજી અલીભાઈ તરકવાડીયા, રફીક ઉર્ફે શેટ્ટી આદમભાઈ કાલવા તથા અમરેલીના બહારપરામાં રહેતા હબીબ અલીભાઈ તરકવાડિયા, આસિફ રજાકભાઈ કાલવા, સોહિલ યુનુસભાઈ કાલવા, અમરેલીના મીની કસ્બાવાડમાં રહેતા શાબેરાબેન સાજીદભાઈ અલીભાઈ તરકવાડીયા વિગેરેએ ગત તા. ૧૦/૧૨/૧૯ ના રોજ અમરેલીમાં આવેલ મીની કસ્બાવાડ વિસ્તારમાં આવેલ અલીફનગર વિસ્તારમાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું કૃત્ય કરી ગૌવંશ કાપી તેમનું લોહી પાલિકાની ગટરમાં નાંખી જાહેરમાં ઉપદ્રવ ફેલાવી તથા બે વાછરડાને કતલ કરવાના ઈરાદે ગોંધી રાખેલ તથા બોલેરોમાં ગૌવંશ બે

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિકો વરસાદી પાણીમાં ચાલવા મજબુર

# બગસરાની ગોકુલધામ સોસાયટીમાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં પરેશાની

**છેલ્લા પાંચ વર્ષથી સ્થાનિકોની પરેશાની દુર થતી નથી**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫

સ્વામિમંદિરની સામે આવેલ ગોકુલધામ સોસાયટીમાં ગઈ કાલના વરસાદના લીધે પુષ્કળ પ્રમાણમાં પાણી ભરાયાં હતાં ત્યારે અહીંના રહીશોના ઘરોમાં પણ ત્રણથી ચાર ફૂટ જેટલા પાણી ઘુશી ગયા હતા જયારે આજે વરસાદ પડી ગયાના ૨૪ કલાક વિતી ગયા છતાં આ વિસ્તારમાં પાણી ના નિકાલ ના અભાવે હજુ સુધી પાણી ભરેલા છે. ત્યારે અહીંના લોકોની વેદના ખૂબ દયનીય બની ગઈ છે. જયારે અહીંયા રહેતા રહીશોને પૂછતા તેમણે જણાવ્યું કે અમારે દર વર્ષે આવીજ સમસ્યાનો સામનો કરવો પડે છે. જયારે અમારા વિસ્તારમાં ચાલવા માટે ૨૫ ફૂટ પહોળો રસ્તો છે પરંતુ જે રસ્તો કાચો અને માટીથી બનાવેલ છે જેથી વરસાદ આવતા જ આ રસ્તો પાણીના લીધે ધોવાય જાય છે અને પાણીમાં ગરકાવ થઈ જાય છે. જેથી અમારે અમારા ઘરમાંથી બહાર નીકળવું પણ ખૂબ મુશ્કેલ બની જાય છે. જયારે અમારા બાળકોને ભણવા માટે પણ મૂકવા જવા માટે તેડીને જવું પડે છે

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં વસવાટ કરતાં સિંહોનાં અસ્તિત્વ સામે ગંભીર ખતરો

# લીલીયામોટાનાં હાથીગઢ-ભેંસાણ વચ્ચેનાં ટ્રેક ઉપર ટ્રેઈન હડફેટે આવી જવાથી સિંહનુ કમકમાટીભર્યુ મોત

**સરકારે નક્કી કરવું પડશે કે વિકાસ કરવો છે કે તે ગૌરવસમા સિંહોને સુરક્ષિત કરવા છે**



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં સિંહોનો મોટો વસવાટ હોય ત્યારે અમરેલી જિલ્લામાં રેલ્વે હડફેટે આવી જવાની ઘટના છાશવારે બનતી હોય જેથી રેલ્વે ટ્રેક સિંહો માટે ફરી એક વખત ઘાતક સાબિત થયો છે. જેમાં લીલીયા તાલુકાના હાથીગઢ –ભેંસાણ વચ્ચે ગઈકાલે પસાર થઈ રહેલ પેસેન્જર ટ્રેઈન હડફેટે એક સિંહ આવી ગયો હતો. ટ્રેઈન હડફેટે ઈજાગ્રસ્ત થયેલા સિંહનું સારવાર દરમિયાન મોત થયાનું જાણવા મળેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ ગઈકાલે રાત્રીના અંદાજીત ૧૦:૩૦ મિનિટ આસપાસ લીલીયા ગામથી દૂર થી ૨૮ કિલોમીટર દૂર હાથીગઢ–ભેંસાણ વચ્ચે ગઈકાલ પસાર થઈ રહેલ પેસેન્જર ટ્રેઈન નંબર ૨૦૯૫૬ મહુવાથી સુરત તરફ જતી હતી. ત્યારે એક ૯ થી ૧૦ વર્ષની ઉંમર ધરાવતો સિંહ આ પેસેન્જર ટ્રેઈન હડફેટે આવી ગયો હતો. જેથી આ સિંહને ગંભીર ઈજા પહોંચી હતી.

આ ઘટનાની જાણ લીલીયા રેલ્વે સ્ટેશનના અધિકારી દ્વારા વનવિભાગના અધિકારીને કરવામાં આવતાં વનવિભાગ દ્વારા ઘટના સ્થળની મુલાકાત લઈ અને ઘવાયેલા સિંહને સારવાર માટે ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયેલ હતો. ટ્રેઈન હડફેટે ઈજાગ્રસ્ત થયેલા સિંહનું સારવાર દરમિયાંન મોત થયાનું જાણવા મળેલ છે.

આ બનાવ અંગેની જાણ વનવિભાગના શેત્રુંજી ડિવિઝનના ડીસીએફ જયંત પટેલને થતાં તેઓ તથા રેલ્વેના ઉચ્ચ અધિકારીઓ લીલીયા દોડી આવ્યા હતાં અને રેલ્વે અધિકારી સાથે બનાવ સ્થળની મુલાકાત લીધી હતી. આ અંગે તેઓએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં જો કોઈ વન કર્મીની બેદરકારી જણાય આવશે તો તેમની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અકસ્માત સર્જનાર રેલ્વે ટ્રેનની ગતિ તથા એન્જિનની લાઈટ અંગે

અનુસંધાન પાના ૬ ઉપર

ADMISSION OPEN
B.Ed.ADMISSION OPEN
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રી મુરલીધર બી.એડ્.કોલેજ રાજકોટમાં કોઈપણ વિષયમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સંપર્ક કરવો...
શ્રી મુરલીધર બી.એડ્. કોલેજ રાજકોટ
કનકનગર સોસાયટી મેઈન રોડ, R.M.C. ગાર્ડનની સામે, સંતકબીર રોડ, રાજકોટ
78638 87503

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,350/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૫/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.'અમર ડેરી'

ભરતી અંગેની જાહેરાત

અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.'અમર ડેરી' માં નીચે મુજબની ભરતી કરવાની છે. તો લાયકાત ધરાવતા ઉમેદવારોએ સંઘના મેનેજીંગ ડીરેક્ટરના નામે અરજી રજી.એડી./રૂબરૂ થી તા.૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

| ક્રમ | વિગત | લાયકાત | ભરતીની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ઇલેક્ટ્રોનિક / ઈન્સ્ટુમેન્ટ એન્જીનીયર | BE.Electronic/ Instrument Engg. | ૨ | અનુભવના આધારે પસંદગી કરવામાં આવશે. |
| ૨ | ડેરી ટેકનોલોજીસ્ટ | B.Tech (D.T.) | ૨ | અનુભવના આધારે પસંદગી કરવામાં આવશે. |

નોંધઃ
(૧) દુધ સંઘના નિતી નિયમ મુજબ પગાર ધોરણ ચુકવવામાં આવશે.

ડો.આર.એસ.પટેલ
મેનેજીંગ ડીરેક્ટર
અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.
'અમર ડેરી' - ધારી રોડ - અમરેલી ૩૬૫૬૦૧

## અંદાજિત ૧૫ થી ૨૦ વર્ષથી સફાઈ થઈ હોય તેવું લાગતુ નથી

# અમરેલીનાં જીવાપરામાં યુધ્ધનાં ધોરણે સફાઈ કાર્ય કરો

**શહેરનાં પ્રવેશદ્વાર સમાન માર્ગ ઉપર આવેલ જીવાપરાનાં દરેક વિસ્તાર અને મુખ્ય માર્ગની સફાઈ જરૂરી**

**દરરોજ હજારો વાહનોની અવરજવર હોવાથી ગંદીક નિહાળીને સૌ કોઈ આશ્ચર્યચકિત**

**સ્વામીનારાયણ મંદિરથી શરૂ કરીને ગર્લ્સ હાઈસ્કૂલ સુધીનાં મુખ્ય માર્ગની સફાઈ જરૂરી**

**માર્ગ પરની ગંદકીની સાથે દબાણ પણ હોય તે અંગે પણ કાર્યવાહી થવી જરૂરી**



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેર સાથે ગંદકીને ચોલી–દામન જેવો સંબધ જોવા મળી રહ્યો છે. શહેરમાં સ્વચ્છતાનું કાર્ય વિરાટ સાધનો, કર્મચારીઓ હોવા છતાં પણ અમુક અંશે શાસકો અને અમુક અંશે કર્મચારીઓની અણઆવડતનાં કારણે થઈ શકતું નથી.

શહેરનાં પ્રવેશદ્વાર સમા જેશીંગપરા પુલ નજીક આવેલ સ્વામીનારાયણ મંદિરથી શરૂ કરીને સોમનાથ મંદિર થઈને બિનાકા ચોક, કપોળ બોર્ડિંગથી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ સુધીનાં મહત્વનાં માર્ગની બંને બાજુએ ભયાનકપણે ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જેમાં જીવાપરા વિસ્તારમાં માર્ગને અડીને આવેલ એક વિશાળ મેદાનની વર્ષોથી સફાઈ કરી ન હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. તો વાંઝા જ્ઞાતિની વાડીની બાજુમાં પણ દાયકાઓથી કબ્જો કરી લેનાર ઉકરડાનો પણ કાયમી નિકાલ કરવાની જરૂર છે.

પાલિકાનાં આરોગ્ય વિભાગે સમગ્ર કર્મચારીઓ, સાધનો અને વાહનો સાથે સમગ્ર વિસ્તારની ૩ દિવસ સુધી સતત સફાઈ કરે તો વર્ષો બાદ જીવાપરા વિસ્તારમાં જીવ આવશે.

## લીલીયામોટા ખાતે કારગીલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે મશાલ રેલી યોજાઈ



લીલીયા મોટા, તા. ૨૫

લીલીયા મોટા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા મશાલ રેલીનુ આયોજન કરાયુ. આ રેલી સાંજે ૬:૦૦ કલાકે સરદાર ચોક ખાતેથી પ્રસ્થાન થયેલ જે રેલી તાલૂકા પંચાયતના ગ્રાઉન્ડમાં શહીદોની યાદમાં બનાવવામાં આવેલ શહીદ સ્મારક ખાતે પૂર્ણ કરવામાં આવેલ. કારગીલ વિજય દિવસ (તા. ૨૬ જુલાઈ) સમગ્ર દેશ માટે ગૌરવનો દિવસ છે. લગભગ ૩ મહિના સુધી ચાલેલા ભારત–પાકિસ્તાન કારગીલ યુદ્ધ દરમિયાન આપણા બહાદુર સૈનિકોએ ૨૬ જુલાઈ, ૧૯૯૯ના રોજ કારગીલમાં વિજય મેળવ્યો હતો. દેશભકિત રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંકલ્પરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા આ દિવસને વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે કારગીલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ છે. તો કારગીલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ નિમિતે મશાલ રેલીનું આયોજન લીલીયા ભાજપ દ્વારા કરાયુ હતુ. આ તકે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, ભીખાભાઈ ધોરાજીયા, યુવા ભાજપ પ્રમુખ આનદ ધાનાણી, તાલુકા પંચાયતના સભ્યઓ, સેલ મોરચાના હોદેદારો, સરપંચો તેમજ પક્ષના તમામ પદાધિકારીઓ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયેલ તેમ ઈમરાન પઠાણની અખબાર યાદીમાં જણાવેલ છે.

### અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખની ઉપસ્થિતિમાં

## અમરેલીનાં ચાડિયા ગામનાં વિકાસ અર્થે આગેવાનોની બેઠકમાં નિર્ણય

અમરેલી, તા. ૨૫

ગોકળિયુ ગામ ચાડીયાના અન્નપૂર્ણ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ અને ચાડીયાગામના વતની હસમુખભાઈ ગઢીયા જેમને ચાડીયા ગામના સર્વાંગી વિકાસનો એક સંકલ્પ કર્યો છે. તેમણે તાજેતરમાં અમદાવાદ તેમના નિવાસ સ્થાને રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલીનાં ધારાસભ્ય અને ઉપદંડક કૌશિકભાઈ વેકરિયા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ધારાસભ્ય સોલંકી, અમદાવાદના ઠકકરનગર ધારાસભ્ય કંચનબેન રાદડીયા ઉપરોકત રાજકીય આગેવાનોનું એક સ્નેહમિલન હસમુખભાઈ ગઢીયાના નિવાસસ્થાને રાખેલ જેમાં ખારાપાટમાં આવેલ ચાડીયા ગામમાં પાણી સંગ્રહ માટેના તળાવો રીનોવેશન કરવાની જરૂરિયાત અંગે રજૂઆત કરેલ છે. જે ઘણા વખતથી ચાડીયા ગામની રજૂઆત હતી. આ અંગે મુખ્યમંત્રીઓ યોગ્ય કરવાની ખાત્રી આપેલ છે. તમામ ધારાસભ્યઓએ ચાડીયા ગામની પાણી અંગેની તળાવ રીનોવેશનની કામગીરીને આગળ વધાર યોગ્ય કરવાની ખાત્રી આપી હતી.

## જિલ્લા કલેકટરે અધિકારીઓને ફરજ સોંપી

## અમરેલી જિલ્લામાં તા. ૧લી ઓગષ્ટથી નારી વંદન સપ્તાહની ઉજવણી

**મહિલા સશકિતકરણની વિવિધ થીમ ઉપર ઉત્સાહભેર કાર્યક્રમો યોજાશે**

અમરેલી, તા. ૨૫

અમરેલી જીલ્લામાં તા. ૧લી ઓગષ્ટથી નારી વંદન સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી થશે. આ સમગ્ર સપ્તાહ દરમિયાન મહિલા સશકિતકરણલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાશે. આ માટે અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયાએ જીલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓને ફરજ સોંપણીનો હુકમ કર્યો છે.

રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયની મહિલાઓ સામાજીક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે માટે વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે. મહિલાઓના સર્વાંગીય સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય સહિત મહત્વના પરિબળો અને વિવિધ ક્ષેત્રમાં મહિલાઓ સક્ષમ બને તે હેતુસર તા. ૧ ઓગષ્ટથી નારી વંદન સપ્તાહની ઉજવણી થશે.

અમરેલી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનારા આ કાર્યક્રમમાં તા. ૧ ઓગષ્ટે મહિલા સુરક્ષા દિવસ, તા. ૨ ઓગષ્ટે બેટી બચાવો બેટી પઢાવો તા. ૩ ઓગષ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, તા. ૫ ઓગષ્ટે મહિલાઅ નેતૃત્વ દિવસ, તા. ૬ ઓગષ્ટે મહિલા કર્મયોગી દિવસ, તા. ૭ ઓગષ્ટે મહિલા કલ્યાણ દિવસ અને તા. ૮ ઓગષ્ટે મહિલા અને બાળ કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ ઉત્સવમાં પોલીસ, શિક્ષણ, જીલ્લા–તાલુકાની સેવા સત્તા મંડળ, સુરક્ષા સેતુ ટીમ, તાલુકા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, આઈસીડીએસ, જીઆઈડીસી, બેંક, રોજગાર અને તાલીમ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, શ્રમ અને રોજગાર, સમાજ કલ્યાણ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, કૃષિ અને પશુપાલન સહભાગી બનશે.

### ક્રાઈમ બ્રાન્ચે બોલાવ્યો સપાટો

## લીલીયાનાં બવાડા ગામની સીમમાં જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે રૂપિયા ૧.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૨૫

સાવરકુંડલા ગામે રહેતા પુનીતભાઈ રાજુભાઈ સુચક તથા હારીતસિંહ સનુભા ગોહીલ (રહે. આણંદપુર, તા. ગારીયાધાર), રણજીતભાઈ વલ્લભભાઈ હેરમા (રહે. પાટણા, ઢસા), સંદીપભાઈ અશોકભાઈ ઢાકેચા (રહે. ઢસા), હિંમતભાઈ ગીરધરભાઈ ખુંટ (રહે. પાલડી, તા. ગારીયાધાર), સુરેશભાઈ રામજીભાઈ પઢારીયા (રહે. ઢસા) તથા મુકેશભાઈ ભુપતભાઈ ખેર (રહે. મોટા ભંડારીયા, તા. ગઢડા) સહિતના સાતેય ઈસમો તા. ૨૪ના સાંજે ૬:૩૦ વાગ્યે લીલીયા તાલુકાના બવાડા ગામની સીમમાં, વાડીપડા વિસ્તારમાં આવેલ એક વોકળામાં જાહેર જગ્યામાં તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતાં રોકડા રૂા. ૮૦,૩૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૭ કિંમત રૂા. ૫૭,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૧,૩૭,૩૦૦ ના મુદામાલ સાથે અમરેલી એલસીબી પોલીસે દરોડા દરમ્યાન ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### કારગિલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ

## બાબરામાં શહેર ભાજપ પરિવાર દ્વારા મશાલ યાત્રાનું આયોજન કરાયું

**મશાલ યાત્રામાં ભાજપનાં અગ્રણીઓ જોડાયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

સમગ્ર દેશમાં કારગિલ વિજયદિવસની પૂર્વસંધ્યાએ દેશના વીર જવાનો તેની શહાદત વીરાજંલીના ભાગરૂપે ભાજપ દ્વારા મશાલ રેલી અને તિરંગા યાત્રાનું આયોજન કરી અમર જવાનો ને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવે છે.

ત્યારે બાબરા શહેર યુવા ભાજપ અને શહેર યુવા ભાજપના સયુંકત ઉપક્રમે મશાળાયાત્રાનું આયોજન જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાના નેતૃત્વમાં યોજાય હતી.

જેમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અકુરભાઈ જસાણી, તાલુકા ભાજપ મહામંત્રી હિતેશભાઈ કલાકાણી, રસિકભાઈ ગોજારિયા, લલિતભાઈ વેકરિયા, કિરીટભાઈ બગડા, ભુપતભાઈ બસિયા, રમેશભાઈ સાંગડીયા, કરીમભાઈ કોટડીયા, કપિલભાઈ ચોવટિયા, પ્રતાપભાઈ ખાચર, સહિતના ભાજપના અગ્રણીઓ અને કાર્યકરતાઓ ઉપસ્થિત રહી મશાલ યાત્રામાં જોડાયા હતા.

# સરંભડા ગામે પૂ. આપાગીગાનાં પરિવાર દ્વારા ''ગીગેવ ઉપવન''નું નિર્માણ કરાયું



વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વાતાવરણની ભયંકર સમસ્યા ઉભી થઈ છે. જેનો વિશ્વનાં દેશો પાસે તેને નિયંત્રિત કરવાનો કોઈ ઉપાય નથી. આવા સંજોગોમાં વિશ્વનાં તમામ માનવજીવોની ફરજ છે કે સમગ્ર વિશ્વમાં ઉભી થયેલી કટોકટીમાંથી બચવા વધુમાં વધુ વૃક્ષોને વાવીને તેનું જતન કરે અને વૃક્ષોની હિંસા કરવાનું બંધ કરે અને આવનારા સમયમાં આવનારી પેઢીનાં સરંક્ષણ માટે જાગૃત બને. વૃક્ષ એ વિશ્વ સંચાલન શક્તિનું જીવંત નેટવર્ક છે ત્યારે વર્ષાઋતુમાં વૃક્ષારોપણ કરીને વિશ્વના તમામ જીવનાં દિર્ઘાયુષ અને તંદુરસ્તીના સંકલ્પ સાથે સરંભડા ગામે પૂ.આપાગીગાના પરિવાર સંવટ પરિવાર દ્વારા પાંચ વીઘા જેટલી જમીનમાં ૬૦૦ જેટલા દેશી કુળના વૃક્ષો વાવીને ગીગેવ ઉપવન બનાવીને તેના જતન અને સંવર્ધન ની જવાબદારી સ્વીકારવામાં આવી છે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ સમગ્ર દેશની જનતાને એક પેડ માં કે નામ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે વર્તમાનમાં સોળે કળાએ ખીલેલી વર્ષાઋતુમાં સહુ કોઈ વૃક્ષારોપણ કરીને વિશ્વના તમામ જીવના દિર્ઘાયુષ અને તંદુરસ્તીના સંકલ્પ સાથે મહા અભીયાનમાં જોડાવા અનુરોધ કરવામાં આવેલ છે.

## ગણ્યા ગાંઠયા પદાધિકારી, અધિકારી અને બાંધકામ એજન્સીને બાદ કરતાં

# પદાધિકારી, અધિકારી અને બાંધકામ એજન્સી પાસે કરોડો રૂપિયાનું કાળુ ધન

### ભ્રષ્ટ કર્મચારીઓની મિલ્કત જપ્ત કરી શકાય તે માટે રાજય સરકાર આગામી મહિને બિલ લાવશે

### જનતા જનાર્દન અવનવા કરવેરા ભરીને સરકારી તિજોરી છલકાવે બાદમાં તિજોરીમાંથી નાણા છૂટે એટલે વચ્ચે ખેંચાખેંચી શરૂ

### કોઈ કાર્ય માટે સરકાર ૧ કરોડ ફાળવે તો વાસ્તવિક ખર્ચ ૫૦ થી ૬૦ લાખ જેટલો થતો હોય છે

### મોટાભાગનાં હાઈફાઈ બંગ્લા, આલિશાન કાર, ફાર્મ હાઉસ, સોનાનાં દાગીના, વિદેશ પ્રવાસ એ કાળુધન છે તે સાબિત કરે છે

અમરેલી, તા. ૨૫

દેશભરમાં ગણ્યાગાંઠયા પદાધિકારીઓ, અધિકારીઓ કે બાંધકામ કરનાર એજન્સી પાસે કરોડો રૂપિયાનું કાળુ ધન હોવાની તેમની રહેણી-કરણી પરથી સાબિત થઈ રહ્યું છે. જનતા જનાર્દન અવનવા કરવેરા ભરીને સરકારી તિજોરી છલકાવે અને જયાં સરકારી તિજોરી ખુલે અને નાણાનો જનતાના હિતમાં ઉપયોગ શરૂ થાય એટલે ઉપરોકત ત્રિપુટી વચ્ચે હાથ મારીને આલીશાન બંગ્લા, ફાર્મ હાઉસ, વિદેશ પ્રવાસ, સોનાના દાગીના, મોંઘીદાટ કારમાં મહાલતાં જોવા મળી રહ્યા છે અને આ ત્રિપુટીની આવકવેરા વિભાગ નિષ્પક્ષ તપાસ કરે તો કરોડો રૂપિયાનું કાળુ ધન ઝડપાઈ શકે તેમ છે.

દરમિયાનમાં ગુજરાત સરકારે ભ્રષ્ટ અધિકારીની મિલ્કત જપ્ત કરવા માટેનો નિર્ણય કરીને તે માટે ખાસ બિલ લાવવાનું નકકી કર્યાનું જાણવા મળેલ છે.

ગુજરાત સરકાર આગામી મહિને વિદ્યાનસભા સત્રમાં એક બિલ રજુ કરે તેવી શકયતા છે, જે ભ્રષ્ટાચાર કેસમાં આરોપીઓ સામે ત્વરિત કાર્યવાહીને મંજૂરી આપશે. કેસ નોંધાયા પછી, તંત્રને તેની અપ્રમાણસર સંપત્તિ જપ્ત કરવાનો અધિકાર આપવામાં આવશે. આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું હતું કે સૂચિત કાયદાની જોગવાઈઓ હેઠળ, સ્થાનિક પ્રોસીકયુટીંગ એજન્સીઓને અદાલતોની કાનૂની પ્રક્રિયામાંથી પસાર થયા વિના આરોપી કર્મચારીઓની આવકના જાણીતા સ્ત્રોતો ઉપરાંત હસ્તગત કરેલી સંપત્તિઓને જપ્ત કરવાની સત્તા આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ઓડિશાએ ૨૦૦૬માં અને બિહારમાં ૨૦૦૯માં સમાન કાયદા બનાવાય હતા અને તેમની બંધારણીય માન્યતાને બાદમાં સુપ્રીમ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવી હતી. બિહાર અને ઓડિશામાં ભ્રષ્ટાચારના આરોપી કર્મચારીઓની અપ્રમાણસર સંપત્તિને જપ્ત કરવાની મંજૂરી આપે છે. ગૃહ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, અહીં પણ અમે દરખાસ્સ્ત કરી છે કે ભ્રષ્ટાચાર અને ડીએના પુરાવા દર્શાવતી ચાર્જશીટ દાખલ થયા પછી સ્થાનિક એજન્સીઓ ડીએ જપ્ત કરી શકે છે. ગૃહ વિભાગે તેની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે અને અંતિમ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આગામી મહિને વિદ્યાનસભા સત્રમાં રજૂ થવાની ધારણા મુજબ, કર્મચારીઓની અપ્રમાણસર સંપતિ જપ્ત કરવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે રજૂ કરવામાં આવી રહી છે કારણ કે ડીએ જપ્ત કરવાની હાલની સિસ્ટમ સમય માંગી રહી છે, જેના કારણે પુરાવા સાથે છેડછાડ થવાનો ચાન્સ રહે છે. સરકાર દ્વારા ડીએના કેસ નોંધવામાં આવી રહ્યા છે, પરંતુ ડીએ જપ્ત કરવામાં મહિનાઓ, વર્ષો પણ લાગે છે. સૂચિત કાયદા હેઠળ, ભ્રષ્ટાચારના આરોપી કર્મચારી સામે ચાર્જશીટમાં તેમના પરિવારના સભ્યો અને નકલી નામોથી કામ કરતા લોકોને ડીએ જપ્ત કરવામાં આવશે.

## અમરેલીમાં શૈક્ષિક મહાસંઘે ભગવત્ ગીતાનાં સમર્થનમાં કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું





અમરેલી, તા. ૨૫

અમરેલીજિલ્લામાંઅખિલ ભારતીયરાષ્ટ્રીયશૈક્ષિકમહાસંઘતમામ સંવર્ગ દ્વારા ધોરણ-૬ થી ૧૨ માં ભગવતગીતાનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો તેવા સરકારશ્રીના નિર્ણયનાસમર્થનમાંકલેકટરનેઆવેદન પાઠવવામાંઆવ્યું. તા.૨૦/૭/૨૦૨૪ને શનિવારનાંરોજએબીઆરએસએમદ્વારા આવેદન આપવામાં આવ્યું હતું. ભગવતગીતાઅભ્યાસક્રમથીબાળકમાં મૂલ્યોનોવિકાસ, આદર્શનાગરીકઘડતર, વ્યવહારિક જ્ઞાન, સામાજીક દાંપિત્વના ગુણો કેળવાશે, અને ભારત રાષ્ટ્રનું ભાવિ ઉજજવળ બને તે સુંદર કરશે. તેથી ધો. ૬ થી ૧૨નાશાળાનાઅભ્યાસક્રમમાંભગવત ગીતા જ્ઞાન જરૂરી હોય તેને સમાવવાના સમર્થનમાંશૈક્ષિકમહાસંઘઅમરેલીજિલ્લા તમામ સંવર્ગ દ્વારા આવેદન પત્ર આપી રજુઆતકરવામાંઆવીહતી. જેમાવિજય મકવાણા, મહેન્દ્ર કાવઠીયા, રામભાઈ કેશવાલા, મનિષભાઈ અગ્રાવત, અંજુબેન ટીંબડીયા, કલ્પેશજોષી, આશિષચૌહાણ, કલ્પેશ સાબવા, અજય સોજીત્રા, ગોવિંદભાઈ ટીંબડીયા વગેરે ઉપસ્થિત રહયાહતા.

## અમરેલીના દેવળીયાને તેના નવા નામ દેવભૂમિ દેવળીયા તરીકે ઓળખવું

અમરેલી, તા. ૨૫

અમરેલી જીલ્લામાં દેવળીયા નામના ૦૩ ગામ છે. આથી સરનામા અને પત્રવ્યવહારમાં સમસ્યાથતી હતી. અમરેલી તાલુકાના દેવળીયા ગામના સરપંચ અને ગ્રામ પંચાયત દ્વારા ગામનું નામ બદલવા માટે રાજય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાને લેતા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫ માર્ચ, ૨૦૨૪ના ઠરાવથી અમરેલી તાલુકાના દેવળીયા ગામનું નામ 'દેવભૂમિ દેવળીયા' કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા ગેઝેટમાં પ્રસિદ્ધિ પામી છે. આ અંગે સરકારી રેકર્ડમાં જરૂરી સુધારો કરવા તથા જીલ્લાની તાબાની કચેરીઓને આ અંગે નોટિસ બોર્ડ પર બહોળી પ્રસિદ્ધ કરવા તેમજ કચેરીની એસ.ઓ. ફાઈલે રાખવા અમરેલી જીલ્લા કલેકટરએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી જીલ્લાના ખેડૂતોને મગફળી પાકમાં સંકલિત જીવાત નિયંત્રણ માટે પગલા લેવા અનુરોધ

અમરેલી, તા. ૨૫

અમરેલી જીલ્લામાં અનુકુળતા અનુસાર વિવિધ પાકનું વાવેતર કાર્ય પૂર્ણ થયું છે. મગફળીનું વાવેતર થયું હોય તે ખેતરમાં સંકલિત જીવાત નિયંત્રણ માટે પગલા લેવા અનિવાર્ય છે. મોલો મશી જીવતાના ઉપદ્રવનો પ્રાથમિક અંદાજ મેળવવા તેમજ નિયંત્રણ માટે ખેતરમાં ચીકણા ટ્રેપ લગાવવા, મોલોને ખાઈ જનાર દાળિયાની વસ્તી જો ખેતરમાં વધુ જમાય તો જંતુનાશક દવા છાંટવાનું મુલ્તવી રાખવું, ચૂસિયા જીવાતો તેમજ લીલી તથા પાન ખાનાર ઈયળ નિયંત્રણ માટે લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ ટકા અર્ક) અથાવ લીંબોળીનું તેલ ૩૦-૪૦ મિ.લિ. અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. થી ૪૦ મિ.લિ. અથવા બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. મોલોમાંથી તતડીયા, થ્રીપ્સ, સફેદ માખી જેવી ચૂસિયા જીવાતોના રાસાયણિક નિયંત્રણ માટે ડાયમીથોએટ ૩૦ ઈ.સી. ૧૦ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસ એલ.૩ મિ.લિ. અથવા થાયામિથોક ઝામ ૨૫ ડબલ્યું.એસ. ૩ ગ્રામ અથવા એસીટામીપ્રિડ ૨૦ એસ.પી. ૨ થી ૩ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. થ્રીપ્સ અને સફેદ માખીનો ઉપદ્રવ જમાય તો પ્રોફેનોકોલ ૪૦ ટકા વત્તા સાયપરમેથ્રીન ૪ ટકા ૧૦ મિ.લિ. અથવા ડાયફેંથીયુરોન ૫૦ વે.પા. ૧૦ ગ્રામ અથવા સ્પીનોસાડ ૪૫ એસ.પી. ૩ મિ.લિ. અથવા થાયમીથોકઝામ વત્તા લેમ્ડા સાયહેલોથ્રિન ૨૨ ઝેડ.સી. ૨૫ મિ.લિ. ૧૦ લીટર પાણીમાં ભેળવી ભેળવી છંટકાવ કરવોફ લીલી ઈયળ તથા પાન ખાનાર ઈયળ (સ્પોડોપ્ટેરા) નિયંત્રણ માટે હેકટર દીઠ ૫-૬ ફેરોમોન ટ્રેપ ગોઠવી તેમાં પકડાતા નર ફુદાંનો નાશ કરવો. ઈયળોનો ઉપદ્રવ ધુ જણાય ત્યારે કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા અથવા કવીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જરૂર જણાય તો ૧૦ થી ૧૨ દિવસ પછી કોઈપણ એક દવાનો બીજા છંટકાવ કરવો. આ અંગે વધુ વિગતો જે-તે વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જીલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો, તેમ અમરેલી જીલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યું છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની મદદથી

## ભીંગરાડ અને મતીરાળાનાં કેન્સરગ્રસ્ત દર્દીઓને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય મળી

### જરૂરિયાતમંદોને ધારાસભ્યનાં કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું



અમરેલી, તા. ૨૫

રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારદ્વારાદેશનાનાગરિકોનેઆરોગ્ય લક્ષી સેવાઓ મળી રહે અને મફત સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ આપી રાજય સરકાર દ્વારા રૂપિયા ૫ (પાંચ) લાખ તેમજ કેન્દ્ર સરકારદ્વારારૂપિયા૫ (પાંચ) લાખએમ મળે કુલ રૂપિયા ૧૦ (દસ) લાખની આરોગ્ય સારવાર સહાય આપવામાં આવી રહી છે અને વધારાની સહાય માટે સરકાર દ્વારા મુખ્યમંત્રીના રાહત ફંડમાંથીસહાયચૂકવવામાંઆવીરહીછે ત્યારેલાઠીબાબરાવિસ્તારનાધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી તાલુકાના ભિંગરાડ ગામના ડાયાભાઈ અરજણભાઈ સોલંકીને મોઢાના કેન્સરની બીમારી તેમજ લાઠીના મતીરાળા ગામના રમીલાબેન ભુપતભાઈ મેતલીયાને કિડનીનુ કેંન્સર હોવાથી મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાયપેટેરકમ આપવા ભલામણકરતા રાજય સરકાર મુખ્યમંત્રી ના રાહત ફંડમાંથી ભિંગરાડ ગામના ડાયાભાઈ અરજણભાઈ સોલંકીને રૂપિયા એક લાખ મંજૂર કરવામાં આવેલ છે તેમજ મતીરાળા ગામના રમીલાબેન ભુપતભાઈ મેતલીયાને રૂપિયા ૮૩ હજાર મંજૂર કરવામાંઆવેલછેઅનેઆ બંને પરિવારોને આ સહાયની રકમ સારવારમેળવેલહોસ્પીટલનેચુકવવામા આવેલછે.

આવી રીતે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા લોકોનીસેવામાટેસતતકાર્યરતછેઅને આબંનેપરિવારોનેમુખ્યમંત્રીનારાહત ફંડમાંથીસહાયમળતાબંનેપરિવારોદ્વારા ધારાસભ્યજનકભાઈ તળાવીયા તેમજ ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનોઆભારમાનેલછે.

વધુમા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા જણાવવામા આવેલ છે કે મારા મત વિસ્તારના કોઈપણ ગરીબ પરીવાર હોયઅનેઅચાનકકિડની, વાલ, કેંન્સર જેવી બિમારી આવે અને ઓપરેશન કરવાનુ થાય તો મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાય મેળવવા માટે લાઠી ખાતે આવેલ મારા જનસંપર્ક કાર્યાલયનો કોંન્ટેક કરે તેવી મારા મત વિસ્તારની જાહેર જનતાને અપીલ કરૂ છુ.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆતથી

## કુંકાવાવનાં સનાળી ખાતે રૂપિયા ૯૫.૫૪ લાખનાં ખર્ચે ચેકડેમ બંધાશે

### ગામજનો અને ખેડૂતોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૨૫

અમરેલી-વડિયા-કુંકાવાવ ધારાસભ્ય અને વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈવેકરીયા અમરેલીનાં પ્રાણ પ્રશ્ન પાણીનાં મુદે એક ધારદાર રજૂઆતોના પગલે સિંચાઈ વિભાગે અમરેલી જિલ્લાનાં કુંકાવાવ તાલુકામાં એક વિશાળ ચેકડેમના બાંધકામને મંજૂરી આપી છે.

ચેકડેમનાં નિર્માણની ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરી અને ગુણવત્તાયુકત કામો થાય તે માટે નાયબ મુખ્ય દંડક સંબંધિત અધિકારીઓને જરૂરી સુચના આપી હતી અને સિંચાઈ વિભાગના અધિકારીઓને સત્વરે કામગીરી કરવા સૂચન કર્યુ હતુ.

ચેકડેમ નં. ૦૬નુ નિર્માણ થતા સનાળી અને આસપાસના ગામના લોકોની પાણીન સમસ્યા દૂર થશે. ચેકડેમમાં અંદાજે ૨૯૧ મીલીયન કયુબીક ફુટ પાણી સંગ્રહ થશે. જેના લીધે ચેકડેમની આજુ બાજુ અંદાજે ૨૧ હેકટર વિસ્તારમાં સિંચાઈ કરી શકશે અને ચેકડેમમાં સંગ્રહ થતુ પાણી જમીનમાં ઉતારી આજુ બાજુ વિસ્તારમાં આવેલ બોર-વેલ, કુવામાં પાણીના તળ ઉપર આવે જેના લીધે ખેડૂતો આખા વર્ષ દરમિયાન પાક લઈ શકે.






















### હવામાન વિભાગનું એલર્ટ

# ગુજરાતના ચાર જિલ્લામાં અતિ ભારે વરસાદની ચેતવણી

## ગુજરાતમાં હાલ એક ઓફ શોર ટર્ફ અને શિઅર ઝોન એક્ટિવ છે, જેના પગલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત કચ્છમાં વરસાદ વરસી રહ્યો છે

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં હાલ એક ઓફ શોર ટર્ફ અને શિઅર ઝોન એક્ટિવ છે. જેના પગલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત કચ્છમાં વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૨૮ જુલાઈ સુધી સમગ્ર ગુજરાતમાં છુટછવાયો વરસાદ વરસશે. આજે હવામાન વિભાગે ૪ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના ચાર જિલ્લામાં આજે ભારે વરસાદનું અનુમાન છે. ભાવનગર, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં આજે ભારેથી અતિભારે વરસાદનું અનુમાન છે. સારા વરસાદની રાહ જોતા ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર છે. આવતીકાલે સક્રિય થનાર સિસ્ટમના કારણે ઉત્તર ગુજરાતમાં આજે અનરાધાર વરસાદનું અનુમાન છે. અત્યાર સુધીની રાજ્યમાં ચોમાસાની સ્થિતિની વાત કરીએ તો રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૦ ટકા વરસાદ નોંધાયો છે. ક્ષમતાના ૧૦૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૪૬ સુધી પહોંચી છે. ૭૦થી ૧૦૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૨૫ છે. ૫૦થી ૭૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૪૧ છે. તો ૨૫ ટકાથી નીચે ભરાયેલા ડેમની સંખ્યા ૬૯ છે. આ સાથે રાજ્યની ૧૦ નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના કારણે પોરબંદરથી ધોરાજી પંથક સુધી અને દક્ષિણ ગુજરાતમાં જન જીવન ખોરવાયું છે. વિવિધ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૪ હજાર ૨૩૨થી વધુ લોકોનું સ્થળાંતર કર્યુ છે. તો પાણીમાં ફસાયેલા ૫૩૫ લોકોને રેસ્ક્યૂ કરી બચાવાયા છે. સૌથી વધારે નવસારી, દ્વારકા, સુરત અને ભરુચ જિલ્લામાં સ્થળાંતરની કામગીરી ચાલી રહી છે. ભારે વરસાદથી ગામડાના માર્ગોથી લઈને સ્ટેટ હાઈવે પ્રભાવિત થયા છે. ૧૭ રાજ્ય ધોરીમાર્ગો અને ૪૨ અન્ય રસ્તા અને પંચાયતના ૬૦૭ રસ્તાઓ સહિત કુલ ૬૬૬ રસ્તાઓ હાલમાં બંધની સ્થિતિમાં છે. તો રાજ્યના ૨૩૫ ગામમાં હજુ પણ વીજળી ગૂલ છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ બાદ મધ્ય ગુજરાતમાં મેઘરાજાનો પ્રકોપ વર્તાઈ રહ્યો છે. બુધવારે ખાબકેલા અનરાધાર વરસાદથી વડોદરા, આણંદ અને સુરત જિલ્લો પાણી પાણી થઈ ગયો. શહેરના રાજમાર્ગો જળમગ્ન જોવા મળ્યાં. નીચાણવાળા વિસ્તારમાં તો ઘરમાં પાણી ઘૂસી જાતાં ઘરવખરીને પણ નુકસાન થયુ છે. તો ખેતરો જળમગ્ન બની બેટ ફેરવાતાં પાકના નુકસાનીની પણ ભીતિ સેવાઈ રહી છે.

### પશુપાલકો માટે વિધાનસભાના અધ્યક્ષે કરી જાહેરાત

# સુઝુકી અને બનાસડેરી સંયુક્તપણે ઉ. ગુજરાતમાં પાંચ બાયો CNG સ્ટેશનની સ્થાપના કરશે

## જિલ્લાના પશુપાલકોની આવક વધારવાના હેતુથી તથા વેસ્ટને વેલ્થથી બદલી સરકયુલર ઈકોનોમી ઊભી કરવાનો હેતુ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. સુઝુકી અને બનાસડેરી સંયુક્તપણે ઉત્તર ગુજરાતમાં પાંચ બાયો CNG સ્ટેશનની સ્થાપના કરશે. આ પ્રોજેક્ટ હેઠળ પશુઓના ગોબરમાંથી બાયો CNG નું ઉત્પાદન કરવામાં આવશે. બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસડેરી દ્વારા જિલ્લાના પશુપાલકોની આવક વધારવાના હેતુથી તથા વેસ્ટ ને વેલથથી બદલી સરકયુલર ઈકોનોમી ઊભી કરવાના હેતુ થી જૂન ૨૦૧૯માં બનાસકાંઠા જિલ્લાના દામા ગામમાં પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે ૪૦,૦૦૦ કિગ્રા/દિવસની ક્ષમતા ધરાવતો સામુદાયિક બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો હતો. આ પ્લાન્ટમાં દામા ગામની આસ પાસના છ ગામોના ૧૫૦ પશુપાલકો પાસેથી ૧ રૂ/કિલોના દરે તાજું છાણ સંપાદન કરવામાં આવે છે. જે છાણ માંથી પ્રતિદિન ૫૦૦ ૬૦૦ કિલો. બાયો સીએનજી અને ૧૦ ૧૨ મેટ્રિક ટન જૈવિક ખાતરનું ઉત્પાદન થાય છે.

આ પ્રોજેક્ટની સફળતાથી પ્રેરાઈ ભારતની સૌથી મોટી ઓટોમોબાઈલ કંપની સુઝુકી મોટરે બનાસડેરીની સાથે મળી એન.ડી.ડી.બી.ના સહયોગથી બનાસકાંઠા જિલ્લામાં બીજા વધુ બાયોગેસ પ્લાન્ટોની સ્થાપના માટે ની સ્વૈચ્છિક પણે તૈયારી દર્શાવી હતી. બનાસડેરી અને એન.ડી.ડી.બીના સંયુક્ત ઉપક્રમે બાયો સીએનજી ગેસ સ્ટેશનની સંખ્યા વધારવા તકનીકી તેમજ આથિક મદદ માટે જાપાનની સુઝુકી કંપનીએ ભારતીય ડેલિગેશનને આમંત્રણ આપી ૬ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ જાપાનનાં ટોક્યો ખાતે ૧,૦૦,૦૦૦ કિલો/ દિવસ છાણની ક્ષમતા ધરાવતા ૪ નવા બયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેના કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરેલ કરારો મુજબ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૫ સુધીમાં પ્રારંભિક તબક્કામાં ૪ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. તે ઉપરાંત ભવિષ્યમાં બીજા વધારાના પ્લાન્ટોની સ્થાપના કરવામાં આવશે. જેના ભાગ રૂપે ૨૬ જુલાઈ ૨૦૨૪ના રોજ સુઝુકી કંપની, જાપાનના પ્રમુખ તોશીહીરો સુઝુકી બનાસકાંઠાની મુલાકાતે આવવાના છે. આ મુલાકાત દરમિયાન તોશીહીરો સુઝુકી દામા ખાતેના બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લેશે તથા પાલનપુર ડેરી ખાતે ચીઝ પ્લાન્ટની અને સણાદર પ્લાન્ટ ખાતે પોટેટો પ્રોસેસીંગ પ્લાન્ટની મુલાકાત લેશે.આ મુલાકાત દરમિયાન સણાદર પ્લાન્ટ ખાતે આયોજિત ખેડૂત સંમેલનમાં સુઝુકી રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઈન ઈન્ડિયા (SRDI), NDDB અને બનાસડેરી વચ્ચે બાયોગેસ ટેકનોલોજીમાં તકનીકી સંશોધન માટે જાપાનની ટોયોહાષિ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીના વૈજ્ઞાનિકોની મદદથી વધુ કાર્યક્ષમ પ્લાન્ટની ડીજાઈનો તૈયાર કરવામાં આવશે અને તે ટેકનોલોજી મુજબ પાંચમા પ્લાન્ટની સ્થાપના થરાદ વિસ્તારમાં કરવા માટેના ૧૧૦૦ કરવામાં આવશે. આ થનાર કરારો પ્રમાણે બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં રૂરલ મોબિલિટી પ્રોજેક્ટ થકી રોજગારી ઉત્પન્ન કરવા માટે સુઝુકી કંપની દ્વારા લિઝ મોડેલ ઉપર મારુતિ સુઝુકીની ઈકો વાહનો દ્વારા રૂરલ એન્ટરપ્રિન્યોર પણ તૈયાર કરવામાં આવશે. જેના પ્રાયોગિક પાયલોટ પ્રોજેક્ટ રૂપે બે ગામ પસંદ કરી ગામ દીઠ પાંચ મારુતિ સુઝુકી ઈકો વાહન લિઝ ધોરણે આપવામાં આવશે.

હાલમાં કાર્યરત પ્લાન્ટ, નવીન બની રહેલ પ્લાન્ટો અને ભવિષ્યમાં બનવાના છે તે પ્લાન્ટો થકી પ્રદૂષણ ઘટાડવામાં અને પર્યાવરણને જાળવવામાં બનાસડેરી નિર્ણાયક ભૂમિકા ભજવશે અને ગ્રીન તથા ક્લીન એનર્જિ પણ ઉત્પન્ન કરશે. ૮૫૫૯ વાહનો માટે બળતણનું વિતરણ કરવા માટે દરેક પ્લાન્ટની સાથે બાયોગેસ ફિલિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે તદઉપરાંત જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે જૈવિક ખાતરનું પણ મબલક ઉત્પાદન આ બાયોગેસ પ્લાન્ટો થકી કરવામાં આવશે.રસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓના આડેધડ થતા ઉપયોગો ખતરનાક બિમારીઓને જન્મ આપે છે. સાથે સાથે જમીનના સ્વાસ્થય ને પણ નુકશાન પહોચાડે છે. જેના સામે ઓર્ગેનિક ખેતી થકી જમીનની તંદુરસ્તી લાંબા સમય સુધી જાળવી રહે તથા ગુણવત્તાયુક્ત પાક ઉત્પાદન મળે તે હેતુ થી બનાસ ડેરી દ્વારા ઓર્ગેનિક ખાતરોનું ઉત્પાદન કરવામાં આવે છે. જે માટે ''ભૂમિ અમૃત'' બ્રાન્ડ લોગો લોન્ચ કરાવામાં આવનાર છે. આ જૈવિક ખાતરની સાથે પાક માટે જરૂરી પોષક તત્વોથી ભરપૂર બનાસ બાયોગેસ પ્લાન્ટની લિક્વિડ પ્રોડક્ટ્સ ''પાવર પ્લસ'' પણ લોન્ચ કરવામાં આવશે.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી એ ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના દિશા સૂચનથી બનાસડેરી ને મળેલ રાહ ઉપર ચાલી બનાસડેરી ગોબરધનના પ્રોજેક્ટ થકી જિલ્લામાં સ્વચ્છ ઈંધણ અને જૈવિક ખતરોનું ઉત્પાદન કરી સર્ક્યુલર ઈકોનોમી પ્રસ?થાપિત કરવા માટે આગળ વધી રહી છે. શરૂઆતના પ્રાયોગિક પ્લાન્ટની સફળતા પછી સુઝુકી કંપનીના સહયોગથી વધારેમાં વધારે બાયોગેસ પ્લાન્ટોની જિલ્લામાં સ્થાપના કરવામાં આવશે."

### નરોડા ગેલેક્સી સિનેમા રોડ પર પાણી ભરાયા

# અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાપટાં

## અખબારનગર અંડરપાસમાં પાણી ભરાઈ જતાં તેને બંધ કરાયો : રામાપીર ટેકરા વિસ્તારમાં ઘૂંટણસમા પાણી

અમદાવાદ, તા.૨૫

આજે સવારથી અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યાં છે, જેના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. નરોડા વિસ્તારમાં સૌથી વધુ અસર જોવા મળી છે. નરોડા ગેલેક્સી સિનેમા રોડ પર પાણી ભરાઈ જતાં વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરના અન્ય વિસ્તારોમાં પણ વરસાદની અસર જોવા મળી છે. સોલા, સાયન્સ સિટી, ગોતા, શાહીબાગ, ઘાટલોડિયા અને રાણીપ વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડ્યાં છે. સરદાર પટેલ સ્ટેડિયમ ચાર રસ્તા પર પણ વરસાદ નોંધાયો છે. પૂર્વ અમદાવાદમાં બાપુનગર, નારોલ, ઓઢવ, વસ્ત્રાલ અને નિકોલ વિસ્તારમાં પણ વરસાદ પડ્યો છે. શહેરના મધ્ય વિસ્તારોમાં રાયપુર, ગીતા મંદિર, આસ્ટોડિયા, જમાલપુર, પાલડી અને જીવરાજ પાર્ક વિસ્તારમાં પણ વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં ટ્રાફિક વ્યવસ્થા પર અસર પડી છે. અખબારનગર અંડરપાસમાં પાણી ભરાઈ જતાં તેને બંધ કરવામાં આવ્યો છે. રામાપીર ટેકરા વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાયા છે. આ પરિસ્થિતિને લઈને સ્થાનિક રહીશોએ મ્યુનિસિપલ કોર્પોરેશન પર નારાજગી વ્યક્ત કરી છે. કેટલાક લોકોએ ટીકા કરતા કહ્યું છે કે સામાન્ય વરસાદમાં જ શહેરની આ સ્થિતિ થાય છે, તો ભારે વરસાદમાં શું થશે? મ્યુનિસિપલ કમિશનર અને મેયરને આ પરિસ્થિતિ અંગે તાત્કાલિક પગલાં લેવા અપીલ કરવામાં આવી છે.

શહેરના ડ્રેનેજ સિસ્ટમ અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સુધારવાની માંગ ઊઠી છે.હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. નાગરિકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

### વલસાડના ૧૦ ગામને દરિયો ગળી જશે

# વલસાડના દરિયાકાંઠા વિસ્તારમાં આવેલા ૧૦ ગામ ઉપર નષ્ટ થવાનું જોખમ

## અરબી સમુદ્ર કાંઠાના ગામ તરફ આગળ વધી રહ્યો છે

વલસાડ, તા.૨૫

વલસાડના દરિયાકાંઠા વિસ્તારમાં આવેલા ૧૦ ગામ ઉપર નષ્ટ થવાનું જોખમ તોળાઈ રહ્યું છે. આ ૧૦ ગામને અરબી સમુદ્ર ગળી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૧૮ વર્ષથી અરબી સમુદ્ર, દરિયાકાંઠાના ગામ તરફ આગળને આગળ જ વધી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના વલસાડના દરિયાકાંઠે આવેલ એવા કેટલાક ગામ છે, જે અરબી સમુદ્રમાં ગરકાવ થઈ જશે. આજે વલસાડ જિલ્લાના સમુદ્ર કાંઠે આવેલા ૧૦ ગામ ઉપર નષ્ટ થવાનું સંકટ તોળાઈ રહ્યું છે. છેલ્લા ૧૫ વર્ષથી અરબી સમુદ્ર કાંઠા વિસ્તારના ગામ તરફ આગળ ધપી રહ્યો છે. પંદર વર્ષ પહેલા જ્યા ગામની જમીન જોવા મળતી હતી ત્યાં આજે દરિયાના પાણી જ પાણી જોવા મળે છે. ગામની જમીન દરિયામાં ગરકાવ થઈ ગઈ છે. સ્થાનિકોનું કહેવું છે કે, ગામને હજુ પણ બચાવવા હોય તો, દરિયાકાંઠે પ્રોટેકશન વોલ બનાવવી જોઈએ. જેથી દરિયો જે ઝડપે દરિયાકાંઠાના ગામ તરફ આગળ વધી રહ્યો છે કે આગળ વધતો અટકે. આ વિસ્તારમાં ચોમાસામાં સૌથી કફોડી સ્થિતિ સર્જાય છે.

વલસાડના દાતીગામના રહીશોના ઘર સુધી દરિયાના પાણી ઘુઘવે છે. ચોમાસામાં ઉછળતા ઊચા મોજા ગ્રામ્ય વિસ્તારના ઘરો ઉપર અથડાય છે. ચોમાસામાં લોકો ભયના માર્યા ઘર છોડીને અન્યત્ર રહેવા ચાલ્યા ગયા છે. જો આવી જ સ્થિતિ રહી તો આગામી પાંચ સાત વર્ષમાં ગામની જગ્યાએ માત્ર દરિયાના પાણી જ જોવા મળશે.

વલસાડના દાંતી ગામની ભૌગોલીક સ્થિતિ એવી છે કે, સૌથી પહેલુ આ ગામ જ દરિયામાં ગરકાવ થઈ જશે. એક તરફ અંબિકા નદી અને ખાડી છે તો બીજી તરફ અરબી સમુદ્ર છે. સ્થાનિકોના જણાવ્યાનુંસાર, ચોમાસામાં થતા ધોવાણને પગલે, છેલ્લા પાંચ વર્ષમાં અરબી સમુદ્ર બે કિલોમીટર જેટલો અંદર આવી ગયો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, અંબિકા નદીના પટમાં ગેરકાયદે થતા રેતીના ખનનને કારણે દરિયો વધુ આગળ વધી રહ્યો છે. જો સરકારી તંત્ર દરિયાકાંઠે પ્રોટેકશન વોલ બનાવે અને અંબિકા નદીમાં ચાલતા ગેરકાયદે રેતી ખનને અટકાવે તો દરિયો જે ઝડપે આગળ વધી રહ્યો છે તેની ઝડપ ઓછી થાય અને ગામના અસ્તિત્વ સામે જે જોખમ ઊભુ થયુ છે તે દૂર થાય.

### ખખડધજ રસ્તાથી વાહન ચાલકો ત્રસ્ત

# રાજકોટમાં નવા બનેલા ૧૫૦ ફુટ રોડ પર પડ્યા દોઢ-દોઢ ફુટના ખાડા

## સ્માર્ટ સિટીની બાજુમાં આવેલા અડધો કિમીના આ રોડ ખખડધજ બનતા વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે

રાજકોટ, તા.૨૫

રાજકોટમાં તાજેતરમાં જ નવા બનાવાયેલા રોડ પર ખાડારાજ જોવા મળ્યુ છે. નવા ૧૫૦ ફુટ રિંગ રોડ પર દોઢ-દોઢ ફુટના ખાડા પડી ગયા છે. સ્માર્ટસિટીની બાજુમાં આવેલા અડધો કિમીના આ રોડ ખખડધજ બનતા વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજકોટ મહાનગર પાલિકાની કામગીરી કેવી છે તે તાજેતારમાં જ બનાવાયેલા આ રોડની સ્થિતિ જોઈને સમજી શકાય છે. નવા બનેલા ૧૫૦ ફુટ રિંગ રોડ પર હાલ ખાડારાજ જોવા મળી રહ્યુ છે. અડધો કિલોમીટર વિસ્તારમાં આ રોડ એટલી હદે ખખડધજ બન્યો છે કે વાહનચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. ખાડાઓમાંથી પસાર થતા વાહનચાલકોને કમર અને મણકાના દુખાવા સહિતની સમસ્યાનો ભોગ બની રહ્યા છે. અહીંથી વાહન લઈને નીકળવુ એ જીવ પડીકે બાંધીને નીકળવા જેવુ છે. સ્હેજ પણ જો આમતેમ થયા તો વાહનસાથે તમે ધબાય નમઃથઈ શકો છે. પાલિકાના ભ્રષ્ટ વહીવટને પાપે શહેરીજનો ખાડામાં હિલોળા લેવા લાચાર બની રહ્યા છે. આ રોડ પરથી રોજ હજારોની સંખ્યામાં વાહનો પસાર થાય છે છતા તંત્રને રોડની મરમ્મત કરાવવાનુ હજુ સૂજતુ નથી. ખાડાગ્રસ્ત રોડમાં વાહનો ચલાવવાથી લોકોના વાહનોને પણ પારાવાર નુકસાન થઈ રહ્યુ છે. શહેરીજનો પાસેથી કરોડો રૂપિયાનો ટેક્સ વસુલતુ તંત્ર નામ માત્રની પણ સુવિધા પણ નથી આપી શકતુ. તાજેતરમાં જ બનાવાયેલા રોડની જો આ સ્થિતિ હોય તો જુના રોડનુ તો પૂછવુ જ શું. દર વર્ષે ચોમાસે આ પ્રકારે જ રોડ બેસી જવા, રસ્તા ધોવાઈ જવા, રસ્તા પર મસમોટા ખાડા પડવા સહિતની સમસ્યાઓનો શહેરીજનોને સામનો કરવો પડે છે. પરંતુ તંત્ર તેના ભ્રષ્ટ વહીવટમાંથી બહાર નથી આવતુ.

આ રોડથી અડધા કિલોમીટરના અંતરેથી જ સ્માર્ટ સિટી શરૂ થઈ જાય છે ત્યારે સ્માર્ટ સિટીના રોડને યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે છે તો આ રોડ પ્રત્યે મનપાનું ધ્યાન કેમ નથી જઈ રહ્યુ તે પણ મોટો સવાલ છે. ડાયવર્ઝન હોવાના કારણે હજારો ભારે વાહનો અહીંથી પસાર થાય છે ત્યારે રોડ પરના ખાડાના કારણે મોટો અકસ્માત થવાની પણ શક્યતા રહેલી છે. સત્વરે જો મનપા દ્વારા આ ખાડાઓ પૂરવામાં નહીં આવે અને રોડની મરમ્મત કરવામાં નહીં આવે તો અહીં અનેક અકસ્માત થઈ શકે છે. રાજકોટ મહાનગરપાલિકાનુ સ્માર્ટ સિટી જ્યાંથી શરૂ થાય છે અને જ્યાં પુરુ થાય છે એ બંને તરફના રસ્તાઓ અત્યંત બિસમાર હાલતમાં છે અને તેને લઈને યોગ્ય આયોજન કરવુ ખૂબ જરૂરી છે.

### આજવા સરોવરની જળ સપાટીમાં વધારો

# ઉપરવાસમાં ભારે વરસાદના પગલે આજવા સરોવર ઓવરફ્લો થયું

## આજવા સરોવરના ૬૨ દરવાજા ખુલ્લા મુકાયા છે

ઉપરવાસ, તા.૨૫

ગુજરાતમાં ભારે વરસાદ વરસ્યો છે. વડોદરાના વાઘોડિયા પાસેના આજવા સરોવરની જળ સપાટીમાં વધારો થયો છે.આજવા સરોવરની હાલની સપાટી ૨૧૨.૮૦ ફૂટ પર પહોંચી છે.જેના પગલે આજવા સરોવર ઓવર ફ્લો થઈ રહ્યું છે.

આજવા સરોવરમાંથી પાણી છોડવામાં આવ્યું છે. આજવા સરોવરના ૬૨ દરવાજા ખુલ્લા મુકાયા છે. જેના પગલે વિશ્વામિત્રી નદીની જળસાપટી વધવાથી અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. બીજી તરફ વડોદરાના દેવડેમમાં પાણીની ભારે આવક નોંધાઈ છે. રૂલ લેવલ જાળવવા દેવડેમમાંથી પાણી છોડાતા ડભોઈના ૭ ગામને એલર્ટ કરાયા છે. ઢાઢર નદી કિનારાના ગામોને સચેત કરાયા છે. નિચાણવાળા વિસ્તારમાં વસતા લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે. ડભોઈના કેટલાક ગામના રસ્તા જળમગ્ન થયા છે.

### શું ઇન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની

# અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે ?

## સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR ફાઇલ કરવાની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવી દેવામાં આવી છે

નવી દિલ્હી, તા.૨૫

સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR ફાઈલ કરવાની અંતિમ તારીખ 31 ઓગસ્ટ સુધી લંબાવી દેવામાં આવી છે. તો ચાલો જાણીએ કે શું ખરેખર રિટર્ન ભરવાની છેલ્લી તારીખ આપવામાં આવી છે? જો તમે પણ કરદાતા છો તો આ સમાચાર તમારા માટે ઉપયોગી થઈ શકે છે. ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખને લઈને ઘણા લોકોના પ્રશ્નો હોય છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR ફાઈલ કરવાની અંતિમ તારીખ 31 ઓગસ્ટ સુધી લંબાવી દેવામાં આવી છે. તો ચાલો જાણીએ કે શું ખરેખર રિટર્ન ભરવાની છેલ્લી તારીખ આપવામાં આવી છે? ઈન્કમટેક્સ વિભાગે સોશિયલ મીડિયા પર ચાલી રહેલા સમાચારોને લઈને ચેતવણી જાહેર કરી છે. વિભાગે કહ્યું કે સોશિયલ મીડિયા પર એક ન્યૂઝ ક્લિપ ફરતી થઈ રહી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR ઈ-ફાઈલિંગની છેલ્લી તારીખ વધારીને 31 ઓગસ્ટ 2024 કરવામાં આવી છે. એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે આ સમાચાર ખોટા છે. નાણાકીય વર્ષ 2023-24 માટે ITR ફાઈલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ 2024 છે. આવકવેરા વિભાગે કરદાતાઓને ફેક ન્યૂઝ અને ટેક્સ રિફંડના નામે થઈ રહેલા નવા કૌભાંડોથી બચવા ચેતવણી આપી છે. વિભાગે કહ્યું કે કેટલાક સ્કેમર્સ ટેક્સ રિફંડના નામે એસએમએસ અને ઈમેલ મોકલીને લોકોના બેંક ખાતા ખાલી કરી રહ્યા છે. વિભાગે લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે. ટેક્સ રિફંડ સંબંધિત કોઈપણ સંદેશ અથવા ઈમેઈલની સત્તાવાર ચેનલો દ્વારા પુષ્ટિ કરવી આવશ્યક છે. આ બધું હોવા છતાં આવકવેરા વિભાગે ITR ફાઈલિંગમાં ભારે વધારો નોંધાવ્યો છે. 22 જુલાઈ, 2024 સુધીમાં 4 કરોડ ITR ફાઈલ કરવામાં આવ્યા છે જે ગયા વર્ષ કરતા 8 ટકા વધુ છે. આ વર્ષે 7મી જુલાઈ અને 16મી જુલાઈએ 2 કરોડ અને 3 કરોડનો આંકડો વટાવી ગયો હતો. ગત વર્ષે 4 કરોડનો આંકડો 24મી જુલાઈએ પાર થયો હતો.

### નવા અધ્યક્ષ ઓબીસી સમાજના હોવાની સંભાવના

# રાજસ્થાનમાં ચૂંટણી પહેલા ભાજપ અધ્યક્ષની રાજીનામાની તૈયારી

## પાંચ બેઠકો પર ઉપર ચૂંટણી થનાર છે, આવી સ્થિતિમાં જાતિગત સમીકરણને ધ્યાને રાખી અધ્યક્ષ બદલવામાં આવશે

જયપુર, તા.૨૫

રાજસ્થાનમાં ચૂંટણી પહેલા ભાજપ અધ્યક્ષ અને ચિત્તૌડગઢના સાંસદ સી.પી.જોશીએ રાજીનામું આપવાની ઓફર કરી છે. આ માટે તેમણે ગૃહમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે પણ મુલાકાત કરી છે. જોશીએ રાજીનામું આપવાની તૈયારીઓ કેમ કરી, તેનું કારણ પણ સામે આવ્યું છે.

ભાજપ સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ અધ્યક્ષ સી.પી.જોશીએ રાજીનામાની ઓફર કરી છે. એવા પણ અહેવાલો સામે આવ્યા છે કે, રાજ્યમાં પાંચ બેઠકો પર ઉપર ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં જાતિગત સમીકરણને ધ્યાને રાખી ટૂંક સમયમાં અધ્યક્ષ બદલવામાં આવશે. ભાજપ ઓબીસી સમાજના નેતાને અધ્યક્ષ બનાવી શકે છે.

સૂત્રો મુજબ, રાજસ્થાન ભાજપના અધ્યક્ષ કેટલાક દિવસોથી દિલ્હીમાં છે અને તેઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે પણ મુલાકાત કરી ચુક્યા છે. તેમણે ભાજપ હાઈકમાન્ડને કહ્યું છે કે, તેઓ સાંસદ છે અને પાર્ટીમાં એક વ્યક્તિ અને એક પદની પરંપરા છે, આ કારણે જ તેઓ અધ્યક્ષ પદ છોડવા ઈચ્છે છે.

મળતા અહેવાલો મુજબ રાજ્યમાં નવા ભાજપ પ્રદેશ અધ્યક્ષ પદ માટે ઘણાં નામો ચર્ચામાં છે. આમાં કિરોડીલાલ મીણા, અવિનાશ ગહલોત, પ્રભુલાલ સૈની અને રાજેન્દ્ર ગહલોતના સૌથી મોખરે છે. સૂત્રોનું કહેવું છે કે, એવી પણ ચર્ચા થઈ છે કે, સી.પી.જોશી પેટા-ચૂંટણી સુધી પદ પર યથાવત્ રહેશે. જોકે અતિમ નિર્મય હમાઈકમાન્ડ જ કરશે.

ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનમાં પાંચ બેઠકો પર પેટા-ચૂંટણી યોજાવાની છે, જેમાં ઝુંઝનુ, દૌસા, દેવલી-ઉનિયારા, ખીંવસર અને ચૌરાસી બેઠકનો સમાવેશ થાય છે. ભાજપે રાજસ્થાન લોકસભા ચૂંટણી-૨૦૧૯માં ૨૪ બેઠકો જીતી હતી, જ્યારે ૨૦૨૪માં માત્ર ૧૪ બેઠકો જીતી છે, ત્યારે આવી સ્થિતિમાં ભાજપ કોઈપણ જોખમ ઉઠાવવા માંગશે નહીં.

### બંને ગૃહમાં હોબાળો અને સૂત્રોચ્ચાર થયા

# સંસદમાં ગુરુવારે પણ સત્તા પક્ષ અને વિપક્ષની વચ્ચે ઘમાસાણ

## તૃણમૂલ સાંસદ અભિષેક બેનર્જી સંસદમાં એવું બોલ્યા કે સ્પીકર ઓમ બિરલાએ યાદ અપાવી દીધી મર્યાદા

નવી દિલ્હી, તા.૨૫

સંસદમાં ગુરુવારે પણ સત્તા પક્ષ અને વિપક્ષની વચ્ચે ઘમસાણ જોવા મળ્યું. આજે પણ બંને ગૃહમાં હોબાળો અને સૂત્રોચ્ચાર થયા. આ દરમિયાન લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ભારતીય જનતા પાર્ટીના સભ્ય અભિજીત ગંગોપાધ્યાય તથા TMC ના MP અભિષેક બેનર્જીની કમેન્ટ્સને લઈને ગૃહમાં બેઠેલા સભ્યોને કહ્યું, 'તેઓ ગૃહની મર્યાદા રાખે તથા સ્પીકરને પડકાર ન આપે.' ગૃહની કાર્યવાહી શરૂ થવા પર કોંગ્રેસ સભ્યોએ ગંગોપાધ્યાયની આપત્તિજનક ટિપ્પણીનો વિષય ઉઠાવ્યો. જેની પર સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજીજૂએ કહ્યું, 'કોઈ પણ સભ્ય ગૃહની ગરિમાને ઠેસ પહોંચાડનારી ટિપ્પણી કરે, તે દુર્ભાગ્યપૂર્ણ છે.' તેમનું કહેવું હતું, 'સભ્ય ભલે સત્તાપક્ષનો હોય કે વિપક્ષનો હોય જો તે ગૃહની ગરિમાને ઠેસ પહોંચાડનારી ટિપ્પણી કરે છે તો શબ્દોને કાર્યવાહીથી હટાવવા જોઈએ. આ સાથે જ યોગ્ય કાર્યવાહી કરવા કે યોગ્ય ટિપ્પણી કરવાનો અધિકાર પણ અધ્યક્ષનો છે.'કિરેન રિજીજૂના જણાવ્યા અનુસાર જ્યારે ગંગોપાધ્યાયે ટિપ્પણી કરી તો તેઓ તે સમયે લોકસભા નહીં પરંતુ રાજ્યસભામાં હતાં. તેમણે કહ્યું, 'જો ગૃહની અંદર યોગ્ય ભાષણ આપવામાં આવ્યું નથી તો માનનીય અધ્યક્ષ યોગ્ય કાર્યવાહી જરૂર કરશે.' ઓમ બિરલાએ કહ્યું, 'આ ગૃહની એક મર્યાદા છે. ઉચ્ચ પરંપરા અને સંમેલન રહ્યું છે. મારો તમામ લોકોને આગ્રહ છે કે ગૃહમાં પોતાની વાત મૂકો, ચર્ચામાં ભાગ લો, પરંતુ કોઈ એવી ટિપ્પણી ન કરો જે સંસદની મર્યાદા અને સંસદીય પરંપરાઓના અનુકૂળ હોય નહીં.' તેમણે કહ્યું, 'ક્યારેય આસન સાથે ચર્ચા ન કરો કે તેને પડકાર આપો નહીં.' બિરલાનો ઈશારો અભિષેક બેનર્જી દ્વારા બુધવારે ગૃહમાં કરવામાં આવેલી ટિપ્પણી તરફ હતો. લોકસભા અધ્યક્ષે કહ્યું કે સભ્ય જેટલી ગૃહની ગરિમા અને પ્રતિષ્ઠા રાખશે, એટલી જ તેમના વિસ્તારમાં તેમની પ્રતિષ્ઠા વધશે. ગૃહમાં બુધવારે કેન્દ્રીય બજેટ પર સામાન્ય ચર્ચામાં ભાગ લેતાં ગંગોપાધ્યાયે વાંધાજનક ટિપ્પણી કરી હતી. તેમના ભાષણ દરમિયાન કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈએ ગોડસેને લઈને કોઈ ટિપ્પણી કરી જેની પર પલટવાર કરતાં ગંગોપાધ્યાયે તેમના માટે એક વાંધાજનક શબ્દનો ઉપયોગ કર્યો. જેનો વિપક્ષી સભ્યોએ વિરોધ કર્યો હતો અને માફીની માગ કરી.

અભિષેક બેનર્જીએ બજેટ પર ચર્ચામાં ભાગ લેતાં જ્યારે નોટબંધી અને લોકડાઉનનો ઉલ્લેખ કર્યો હતો તો લોકસભા અધ્યક્ષે કહ્યું, 'વર્ષ ૨૦૧૬ બાદ બે વખત લોકસભા ચૂંટણી થઈ ચૂકી છે. તમે બજેટ પર વાત કરો.' અધ્યક્ષનો ઈશારો ૨૦૧૯ અને ૨૦૨૪માં થયેલી સામાન્ય ચૂંટણીમાં પણ ભાજપના સત્તામાં આવવા તરફ હતો. એક વખત ફરી બેનર્જીએ કોઈનું નામ લીધું, જેની પર સત્તા પક્ષના સભ્યોએ હોબાળો મચાવ્યો. તેની પર અધ્યક્ષે કહ્યું કે માનનીય સભ્ય તે લોકોના નામ ન લે જેઓ હવે ગૃહના સભ્ય નથી. તેની પર બેનર્જીએ અધ્યક્ષને કહ્યું કે જ્યારે સત્તાપક્ષના સભ્ય પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનું નામ લે છે કે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહર લાલ નેહરુનું નામ લે છે તો તેની પર કોઈ કંઈ બોલતું નથી અને જો કોઈ ઈમરજન્સીની વાત કરે છે તો અધ્યક્ષ ચૂપ કરાવી દે છે.

### રાષ્ટ્રપતિ ભવનના હોલનું નામ બદલવાનો મામલો

# પ્રિયંકા ગાંધીએ કહ્યું દરબારનો ખ્યાલ નથી પરંતુ શહેનશાહનો ખ્યાલ છે

## કોંગ્રેસ મહાસચિવે વડાપ્રધાન પર કર્યો શાબ્દિક હુમલો

નવી દિલ્હી, તા.૨૫

રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલ અને અશોકા હોલનું નામ બદલી નાખવામાં આવ્યું છે. હાલ આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. હવે પછીથી દરબાર હોલ ગણતંત્ર મંડપ અને અશોક હોલ અશોક મંડપ તરીકે ઓળખાશે. આ અંગે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર શાબ્દિક પ્રહારો કર્યા છે. પ્રિયંકા ગાંધીએ આ અંગે ટિપ્પણી કરતા કહ્યું કે દરબારનો કોઈ ખ્યાલ નથી પરંતુ શહેનશાહનો ખ્યાલ છે. ઉલ્લેખનીય છે કે આ નામ બદલવાની વાત વિપક્ષોને ગળે ઉતરી ન હોવાને કારણે આ મુદ્દો વધુ જોર પકડે તેવી શક્યતા છે.

રાષ્ટ્રપતિ ભવનની અંદર સ્થિત દરબાર હોલ અને અશોક હોલના નામ બદલવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ, દરબાર હોલનું નામ હવે ગણતંત્ર મંડપ અને અશોક હોલનું નામ અશોક મંડપ રહેશે. દરબાર હોલ એ છે જ્યાં રાષ્ટ્રીય પુરસ્કારો આપવામાં આવે છે, જ્યારે અશોક હોલ મૂળ રૂપે એક બોલરૂમ હતો.

સરકારે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે 'દરબાર', જે ભારતીય શાસકો અને અંગ્રેજોની અદાલતો અને એસેમ્બલીઓનો ઉલ્લેખ કરે છે, ભારત પ્રજાસત્તાક બન્યા પછી તેની સુસંગતતા ગુમાવી દીધી છે. રાષ્ટ્રપતિ ભવન તરફથી કહેવામાં આવ્યું હતું કે ભારત હવે પ્રજાસત્તાક છે. આવી સ્થિતિમાં દરબાર જેવા શબ્દનો ઉપયોગ કરવો યોગ્ય નથી. ભારતીય સમાજમાં પ્રજાસત્તાકની વ્યાખ્યા પ્રાચીન છે. તેથી દરબાર હોલનું નામ બદલીને હવે ગણતંત્ર મંડપ કરાયું છે. અશોક હોલનો ઉપયોગ બોલરૂમ તરીકે કરવામાં આવ્યો છે. અશોક એટલે કોઈપણ પ્રકારના દુઃખથી મુક્ત થવું. આવી સ્થિતિમાં અશોક નામ યથાવત રહેશે, પરંતુ હવે તેમાં હોલને બદલે મંડપ શબ્દ ઉમેરવામાં આવશે. રાષ્ટ્રપતિ સચિવાલય વતી કહેવામાં આવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ભવન દેશનું પ્રતીક છે અને તેનો સમૃદ્ધ વારસો દર્શાવે છે. 'રાષ્ટ્રપતિ ભવન સુધી લોકોની પહોંચ વધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સિવાય રાષ્ટ્રપતિ ભવનની ઓળખને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને ભાવનાઓ સાથે જોડવામાં આવી રહી છે.

### ભાજપના બે સાંસદોના સાંસદપદ પર સંકટ તોળાયું

# દિગ્ગજ સાંસદો વિરુદ્ધ સંબંધિત અરજી હાઈકોર્ટમાં પહોંચી

## શંકર લાલવાણી અને કંગના રનૌત વિરુદ્ધ ફરિયાદ

નવી દિલ્હી, તા.૨૫

ભાજપના બે સાંસદોના સાંસદપદ પર આફત આવી હોવાના અહેવાલ સામે આવ્યા છે .આ બન્ને દિગ્ગજ સાંસદો વિરુદ્ધ સંબંધિત અરજી હાઈકોર્ટમાં કરાઈ છે. હિમાચલ પ્રદેશમાં મંડી લોકસભા સીટ અને મધ્યપ્રદેશમાં ઈન્દોર લોકસભા સીટને લઈને બે અરજીઓ દાખલ કરાઈ છે. બન્ને સીટ ઉપરની ચૂંટણીને હાઈકોર્ટમાં પડકાર ફેંકાયો છે.

મંડી લોકસભા સીટ ઉપર સાંસદ તથા બોલિવૂડ અભિનેત્રી અને ભાજપ નેતા કંગના રણૌતે જીત મેળવી હતી. જો કે મધ્યપ્રદેશના ઈન્દોરથી ભાજપ નેતા શંકર લાલવાણી સાંસદ તરીકે ચૂંટાયા હતા. બન્ને કેસમાં અરજદારોએ ચૂંટણી પરિણામોને રદ કરવાની માગ કરી છે.

મંડીથી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઊભેલા રામ નેગીએ તેમનું નોમિનેશન રદ કરવા સામે હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમનો આરોપ છે કે, હું અપક્ષ તરીકે ચૂંટણી લડવા માગતો હતો અને નોમિનેશન પણ ફાઈલ કર્યું હતું પણ નક્કી સમયે એનઓસી ન મળતાં રિટર્નિંગ અધિકારીએ મારું નોમિનેશન રદ કરી દીધું હતું. ઈન્દોર બેઠક પર ભાજપે આઠ વખત લોકસભામાં ચૂંટણી જીતી છે. આ વખતે સાંસદ તરીકે ચૂંટાયેલા શંકર લાલવાણી અહીં નગર નિગમમાં સભાપતિ જેવા મહત્ત્વપૂર્ણ પદ પર કાર્યભાર સંભાળી ચૂક્યા છે. તેઓ ત્રણ વખત કાઉન્સિલર પણ રહી ચૂક્યા છે. સિંધી સમાજથી આવતાં લાલવાણી વિશે કહેવાય છે કે તેઓ સુમિત્રા મહાજન અને શિવરાજ સિંહ ચૌહાણની નજીક છે. તેમની સામે ઈન્દોર બેન્ચ સમક્ષ સૈન્યમાંથી નિવૃત્ત ધર્મેન્દ્ર સિંહ ઝાલાએ અરજી કરી છે. તેમણે ફરિયાદ કરી છે કે, મેં પણ નોમિનેશન ફાઈલ કર્યું હતું પણ મારું ફોર્મ રિજેક્ટ કરાયું હતું. જો કે મારું તો બેકગ્રાઉન્ડ પણ સાફ હતું. ભાજપે ગરબડ કરીને મારું નોમિનેશન રદ કરાવ્યું કેમ કે સામાન્ય નાગરિકો વચ્ચે મારી ઓળખ વધી ગઈ હતી. મારા ફોર્મ ઉપર પણ મારા નામે નકલી સહી કરવામાં આવી હતી.

### સાહેબ, અધિકારીઓ કશું સાંભળતા જ નથી

# યુપીના સીએમ યોગીની સામે જ ધારાસભ્યએ વ્યક્ત કરી નારાજગી

## મુખ્યમંત્રીએ આદેશ આપ્યા કે જો કોઈ અધિકારી સાંભળી રહ્યાં નથી તો તેમના વિરુદ્ધ પાક્કા પુરાવાની સાથે ફરિયાદ કરો

લખનૌ, તા.૨૫

લોકસભા ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શન બાદથી સીએમ યોગી સતત બેઠક કરી રહ્યાં છે અને પાર્ટીના નેતાઓ સાથે મુલાકાત કરી રહ્યાં છે. તાજેતરમાં જ ઉત્તર પ્રદેશની ૧૦ વિધાનસભા બેઠકો પર થનારી પેટા ચૂંટણીની તૈયારીઓને લઈને સીએમ યોગી કાર્યરત છે. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અલગ-અલગ મંડળના ધારાસભ્યો સાથે મુલાકાત કરવાનું શરૂ કર્યું છે.

આ દરમિયાન ગુરુવારે સીએમ યોગી હાલ મેરઠ મંડળના ધારાસભ્યોની સાથે મીટિંગ કરી રહ્યાં છે. તે બાદ સીએમ યોગી પ્રયાગરાજ મંડળના ધારાસભ્યો સાથે વાત કરશે. આ પહેલા તેમણે બરેલી મંડળના ધારાસભ્યોની સાથે બેઠક કરી હતી. બેઠકમાં ધારાસભ્યોએ અધિકારીઓ વિરુદ્ધ ખૂબ ફરિયાદ કરી છે. મીટિંગમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે કોઈ પણ જનપ્રતિનિધિની જીતમાં ૫૦ ટકા પાર્ટીની તો ૫૦ ટકા ભૂમિકા ઉમેદવારની હોય છે.

ધારાસભ્યો દ્વારા અધિકારીઓના ન સાંભળવાની ફરિયાદ પર મુખ્યમંત્રીએ સ્પષ્ટ આદેશ આપ્યા છે કે જો કોઈ અધિકારી સાંભળી રહ્યાં નથી તો તેમના વિરુદ્ધ પાક્કા પુરાવાની સાથે ફરિયાદ કરો ત્યારે તે અધિકારી વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી થશે. મુખ્યમંત્રીએ ધારાસભ્યોને વિસ્તારની જનતા સાથે બરાબર સંવાદ જાળવી રાખવા અને તેમની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ બનવાની પણ સલાહ આપી દીધી છે.

એક ધારાસભ્ય દ્વારા હેલમેટની તપાસ પર પોલીસ દ્વારા પરેશાન કરવાની ફરિયાદ પર મુખ્યમંત્રીએ કહ્યું કે હેલમેટ સુરક્ષા માટે જરૂરી છે. કાયદાનું પાલન દરેક સ્થિતિમાં થવું જોઈએ. તેમણે કહ્યું કે સપા એટલા માટે ૧૦ વર્ષથી સત્તાથી બહાર છે, કેમ કે તેમની સરકારમાં કાયદાનું પાલન થતું ન હતું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે સરકારી આવાસ પર બરેલી મંડળથી આવેલા ધારાસભ્યોએ શિષ્ટાચાર મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ધારાસભ્યોએ સીએમ યોગીને અધિકારીઓની ફરિયાદ કરી હતી અને કહ્યું હતું અધિકારી તેમનું સાંભળતાં નથી. અધિકારીઓ પર કામ ન કરવાના આરોપ લગાવ્યા. સીએમ યોગીએ કાર્યવાહી કરવાની વાત કહી છે.

### અખિલેશ યાદવના દાવાથી ફરી રાજકારણ ગરમાયું

# કોઈ પરિવર્તન માટે તૈયાર હશે તો અમે સમર્થન આપીશું

## એક અહેવાલ મુજબ અખિલેશ યાદવે કહ્યું હતું કે, હું યોગી સરકારના કોઈ ધારાસભ્યને તોડવા માંગતો નથી

લખનૌ, તા.૨૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભારતીય જનતા પાર્ટીના નિરાશાજનક પ્રદર્શન બાદ ઉત્તર પ્રદેશમાં રાજકીય તાપમાન ગરમાયું છે. દિલ્હીથી લખનૌ સુધી ભાજપના નેતાઓ વચ્ચે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય વચ્ચે અણબનાવની અફવાઓ ચાલી રહી છે. આ દરમિયાન સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે મોટો દાવો કર્યો છે. એક અહેવાલ મુજબ અખિલેશ યાદવે કહ્યું હતું કે, 'હું યોગી સરકારના કોઈ ધારાસભ્યને તોડવા માંગતો નથી. સાંભળવામાં આવી રહ્યું છે કે અંદરો અંદર લડાઈ ચાલી રહી છે, પરંતુ લડાઈ માત્ર અંદર જ નથી, દિલ્હી સુધી ચાલી રહી છે.'

આંતરિક કલેશ વચ્ચે એવા અહેવાલો આવ્યા છે કે, 'આવી સ્થતિમાં વિપક્ષ કંઈક ઓફર કરશે. જો કોઈ વ્યક્તિ લાંબા સમયથી મોટી ખુરશી પર બેસવાની કોશિશ કરી રહી હોય તો તમે તેને તે ખુરશી પર બેસવાની ઓફર અને ખાતરી આપો તો ખોટું શું છે? તે પોતે જ એટલા શક્તિશાળી છે. અમારા બેસાડવાથી જ થોડા તે ખુરશી પર બેસી શકે એવું બને. અમે પરિવર્તન તો ન લાવી શકીએ પરંતુ જો કોઈ પરિવર્તન માટે તૈયાર હશે તો અમે તેને ચોક્કસ સમર્થન આપીશું.

અખિલેશ યાદવે ગયા અઠવાડિયે ઠ પર કહ્યું હતું કે, 'મોનસૂન ઓફર છે. ૧૦૦ લાવો અને સરકાર બનાવો' સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની 'મોનસૂન ઓફર'ના એક દિવસ પછી કેશવ પ્રસાદ મૌર્યએ વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, 'જનતા અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો તેને ૨૦૨૭માં ફરી ૪૭ સુધી ઘટાડશે.'

વર્ષ ૨૦૧૭માં જ્યારે મૌર્ય ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ હતા, ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને તેના સહયોગીઓને ૪૦૩ સભ્યોની વિધાનસભામાં ૩૨૫ બેઠકો મળી હતી. જ્યારે સપાના ખાતામાં ૪૭ સીટો આવી હતી. ત્યારે (૨૦૧૨-૨૦૧૭ સુધી) મુખ્યમંત્રી રહેલા અખિલેશ યાદવ સત્તાથી બહાર હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લોકસભા ચુંટણી દરમિયાન દાવો કર્યો હતો કે ત્રીજી વાર સત્તામાં આવ્યા પછી ભારતીય જનતા પાર્ટી સીએમ યોગી આદિત્યનાથને મુખ્યમંત્રી પદ પરથી હટાવી દેશે.

આ બાબતે અરવિંદ કેજરીવાલે દાવો કરતા કહ્યું હતું કે, 'પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમિત શાહ, યોગી આદિત્યનાથને મુખ્યમંત્રી પદ પરથી દૂર કરવા ઈચ્છે છે. આવી સ્થિતિમાં કેજરીવાલ સાથે દુર્વ્યવહાર કરવા કરતા તેમની સાથે વાતચીત કરવી જોઈએ.

### ૧ ઓક્ટોબરથી નિયમ લાગુ પડશે

# દેશ છોડતા પહેલા ફરજિયાત ટેક્સ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું પડશે

## આવકવેરા અધિનિયમની કલમ ૨૩૦ મુજબ ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિએ દેશ છોડતા પહેલા ટેક્સ અધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે

નવી દિલ્હી, તા.૨૫

બજેટમાં નાણામંત્રીએ એક અગત્યની જાહેરાત કરી છે. હવે ભારત છોડવા માટે જરૂરી ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવા માટે નિયમો કડક બનાવવામાં આવ્યા છે. ૧ ઓક્ટોબરથી ભારતમાં રહેતા કોઈપણ વ્યક્તિને બ્લેક મની એક્ટ હેઠળ તેઓ ક્લિયર છે તેની પુષ્ટિ કરતા ક્લિયરન્સ સર્ટિફિકેટની જરૂર પડશે. આવકવેરા અધિનિયમની કલમ ૨૩૦ મુજબ ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિએ દેશ છોડતા પહેલા ટેક્સ અધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે. આ પ્રમાણપત્ર પુષ્ટિ કરે છે કે વ્યક્તિનો કોઈ કર બાકી નથી અથવા કોઈ બાકી રકમ ચૂકવવાની વ્યવસ્થા કરવાની છે.આ જરૂરિયાત આવકવેરા અધિનિયમ તેમજ અગાઉના વેલ્થ ટેક્સ, ગિફ્ટ ટેક્સ અને એક્સપેન્ડિચર ટેક્સ એક્ટ હેઠળના કરને આવરી લે છે. એક મીડિયા રિપોર્ટમાં જણાવાયું છે કે ટેક્સ નિષ્ણાતો માને છે કે નોટિફિકેશન અથવા આગામી નિયમો જરૂરિયાતોને વધુ સ્પષ્ટ કરશે.વર્ષ ૨૦૨૪ના બજેટમાં બ્લેક મની એક્ટની કલમ ૪૨ અને ૪૩ હેઠળ રિયલ એસ્ટેટ સિવાયની વિદેશી અસ્કયામતો જો તેમની કુલ કિંમત રૂપિયા ૨૦ લાખથી ઓછી હોય તો તેની જાણ ન કરવા બદલ રૂપિયા ૧૦ લાખના દંડને દૂર કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી હતી. આ ફેરફાર ૧ ઓક્ટોબર ૨૦૨૪થી લાગુ થશે.દંડની જોગવાઈઓમાંથી આ મુક્તિ આ વિદેશી સંપત્તિઓની ખોટી અથવા બિન-રિપોર્ટિંગ પર પણ લાગુ પડે છે. જોગવાઈનો અર્થ એ છે કે દરેક વ્યક્તિ જે સામાન્ય રીતે ભારતના રહેવાસી છે તેમણે તેમની આવકવેરા રિટર્ન ફાઈલ કરતી વખતે તમામ શેર અને સિક્યોરિટીઝ જેવા રોકાણો સહિત વિદેશી સંપત્તિઓ અને આ સંપત્તિમાંથી કોઈપણ આવક જાહેર કરવી આવશ્યક છે. જો તેઓ વિદેશી આવક અને સંપત્તિની જાણ કરતા નથી અથવા તેમને સંબંધિત ITR સબમિટ કરવામાં નિષ્ફળ જાય છે તો તેઓ સંપત્તિની કિંમતને ધ્યાનમાં લીધા વિના બ્લેક મની એક્ટની કલમ ૪૨ અથવા ૪૩ હેઠળ ૧૦ લાખના દંડનો સામનો કરી શકે છે.

### લીકર પોલીસી કેસ સાથે જોડાયેલો છે ભ્રષ્ટાચાર મામલો

# કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડી ૮ ઓગસ્ટ સુધી વધી

## વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા : અરવિંદ કેજરીવાલ ની ૨૬ જૂને થઈ હતી ધરપકડ

નવી દિલ્હી, તા.૨૫

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી લીકર પોલિસી સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડી ૮ ઓગસ્ટ સુધી લંબાવી દીધી છે. તેમને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૨ જુલાઈએ કોર્ટે સીએમ કેજરીવાલની સીબીઆઈ જ્યુડિશિયલ કસ્ટડી ૨૫ જુલાઈ સુધી લંબાવી હતી. અગાઉ ૧૭ જુલાઈએ દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની સીબીઆઈ ધરપકડ અને વચગાળાની જામીન માટેની અરજીને પડકારતી અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. લગભગ અઢી કલાક સુધી ચાલેલી ચર્ચા બાદ કોર્ટે કહ્યું હતું કે તે જામીન અરજી પર ૨૯ જુલાઈએ સુનાવણી કરશે. સુનાવણી દરમિયાન કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલ લોકોએ ચૂંટેલા મુખ્યમંત્રી છે, આતંકવાદી નથી. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનનો ઉલ્લેખ કરતાં સિંઘવીએ કહ્યું કે ઈમરાન ખાનને તાજેતરમાં જ મુક્ત કરવામાં આવ્યો હતો, પરંતુ અન્ય કેસમાં તેમની ફરી ધરપકડ કરવામાં આવી હતી. આપણા દેશમાં આવું ન થઈ શકે.

તે જ સમયે ૧૨ જુલાઈએ સુપ્રીમ કોર્ટે કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા હતા. જામીન આપતા જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું હતું કે કેજરીવાલ ૯૦ દિવસથી જેલમાં છે. કેજરીવાલની ૨૧ માર્ચે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ રાઉઝ એવન્યુ કોર્ટે તેને કસ્ટડીમાં મોકલી દીધા હતા. તેમની સામે બીજો કેસ સીબીઆઈનો છે. ઈડીએ ૯મી જુલાઈએ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં સાતમી પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી. ૨૦૮ પાનાની આ ચાર્જશીટમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને કેસના માસ્ટરમાઈન્ડ અને કાવતરાખોર ગણાવવામાં આવ્યા છે. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું હતું કે કૌભાંડમાંથી મળેલા પૈસા આમ આદમી પાર્ટી પર ખર્ચવામાં આવ્યા હતા. ઈડીએ ચાર્જશીટમાં કહ્યું છે કે કેજરીવાલે આ પૈસા ૨૦૨૨માં ગોવાની ચૂંટણીમાં AAPના ચૂંટણી પ્રચારમાં ખર્ચ કર્યા હતા. એવો દાવો કરવામાં આવ્યો છે કે કેજરીવાલે દારુ વેચવાના કોન્ટ્રાક્ટ માટે દક્ષિણ જૂથના સભ્યો પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ માંગી હતી, જેમાંથી ૪૫ કરોડ રૂપિયા ગોવાની ચૂંટણીમાં ખર્ચવામાં આવ્યા હતા.

એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કેજરીવાલે દાવો કર્યો હતો કે AAPના ભૂતપૂર્વ મીડિયા પ્રભારી અને કેસમાં સહ-આરોપી વિજય નાયરે મંત્રીઓ આતિશી અને સૌરભ ભારદ્વાજ હેઠળ કામ કર્યું હતું. તેમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે મુખ્યમંત્રીએ કહ્યું કે દુર્ગેશ પાઠક ગોવાના રાજ્ય પ્રભારી હતા અને ફંડનું સંચાલન કરતા હતા અને જોકે ફંડ સંબંધિત નિર્ણયોમાં તેમની કોઈ ભૂમિકા નહોતી અને તેમણે ભારત રાષ્ટ્ર સમિતિના નેતા કે કવિતા પાસેથી લાંચ લીધી નહોતી.

### રાષ્ટ્રપતિ ભવનનું ભારતીયકરણ

# દરબાર હોલ-અશોકા હોલને નવું નામ આપવામાં આવ્યું

## દરબાર હોલ અને અશોકા હોલનું નામ બદલીને અનુક્રમે ગણતંત્ર મંડપ અને અશોક મંડપ કરી દેવાયું : રાષ્ટ્રપતિએ નામ બદલવા પર ખુશી વ્યક્ત કરી

નવી દિલ્હી, તા.૨૫

રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલ અને અશોક હોલનું નામ બદલવામાં આવ્યું છે. હવેથી દરબાર હોલ ગણતંત્ર મંડપ અને અશોક હોલ અશોક મંડપ તરીકે ઓળખાશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નામ બદલવા પર ખુશી વ્યક્ત કરી છે. ગુરુવારે (૨૪ જુલાઈ) રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં આ માહિતી આપવામાં આવી છે.

તાજેતરના સમયમાં ઘણી મોટી ઈમારતો અને રસ્તાઓના નામ પણ બદલવામાં આવ્યા છે.રાષ્ટ્રપતિ ભવને એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ભવન, ભારતના રાષ્ટ્રપતિનું કાર્યાલય અને નિવાસસ્થાન, રાષ્ટ્રનું પ્રતીક અને લોકોની અમૂલ્ય ધરોહર છે. તેને લોકો માટે વધુ સુલભ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રપતિ ભવન "ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો અને નીતિઓનું પ્રતિબિંબિત વાતાવરણ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનના બે મહત્વપૂર્ણ હોલ, દરબાર હોલ અને અશોકા હોલનું નામ બદલીને અનુક્રમે ગણતંત્ર મંડપ અને અશોક મંડપ કરીને ખુશ છે." આ સિવાય નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "અશોક શબ્દનો અર્થ તે વ્યક્તિ છે જે તમામ દુઃખોથી મુક્ત છે અથવા કોઈપણ દુઃખ સાથે સંકળાયેલ નથી. આ સાથે અશોક એટલે સમ્રાટ અશોક, સારનાથની સિંહ રાજધાની છે. એકતા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનું પ્રતીક આ શબ્દ અશોક વૃક્ષનો પણ ઉલ્લેખ કરે છે, જેનું ભારતીય ધાર્મિક પરંપરાઓ તેમજ કલા અને સંસ્કૃતિમાં ઊંડું મહત્વ છે." દરબાર હોલમાં રાષ્ટ્રીય પુરસ્કારોની રજૂઆત જેવા મહત્વના સમારંભો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દરબાર શબ્દ ભારતીય શાસકો અને અંગ્રેજોની અદાલતો અને મેળાવડા સાથે સંકળાયેલો છે, જ્યાં તેઓ તેમના કાર્યોનું આયોજન કરતા હતા. અખબારી યાદીમાં કહેવામાં આવ્યું હતું કે ભારત પ્રજાસત્તાક બન્યા પછી તેની પ્રાસંગિકતા ગુમાવી દીધી છે. પ્રજાસત્તાકની વિભાવના ભારતીય સમાજમાં પ્રાચીન કાળથી ઊંડે ઊંડે જડેલી છે, તેથી દરબાર હોલનું ગણતંત્ર મંડપ નામ એકદમ યોગ્ય છે. દરબાર હોલનું નામ બદલ્યા બાદ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું, દરબારની કોઈ અવધારણા નથી, પરંતુ શહેનશાહની અવધારણા છે.

### સુપ્રીમ કોર્ટે કેન્દ્રને આપ્યો ઝાટકો

# રાજ્યોને ખાણ અને ખનીજો ધરાવતી જમીનો પર ટેક્સ લગાવવાનો અધિકાર

## ખનીજો પર ટેક્સ વસુલવાના મામલે મોટો ચુકાદો

નવી દિલ્હી, તા.૨૫

સુપ્રીમ કોર્ટે એક મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટની ૯ જજની ખંડપીઠે ૮:૧ની બહુમતીથી આ ચુકાદો આપતા કહ્યું કે બંધારણ અંતર્ગત રાજ્યોને ખાણો અને ખનીજો ધરાવતી જમીન પર ટેક્સ લગાવવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે કાઢવામાં આવેલા ખનીજ પર આપવી પડતી રોયલ્ટી કોઈ કર નથી. સીજીઆઈ ડીવાઈ ચંદ્રચુડે સાત અન્ય જજોની સાથે બહુમતીથી આ ચુકદો આપ્યો, જ્યારે જસ્ટિસ બી વી નાગરત્નાએ આ અંગે અસહમતિ વ્યક્ત કરતા તેની વિરુદ્ધ ચુકાદો આપ્યો. બહુમતીથી આવેલા ચુકાદાના ઓપરેટિવ ભાગને વાંચતા ચીફ જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું કે સુપ્રીમ કોર્ટની સાત-ન્યાયાધીશોની ખંડપીઠનો ૧૯૮૯નો ચુકાદો, જેમાં કહેવામાં આવ્યું હતું કે રોયલ્ટી એક કર છે, જે ખોટો છે. શરૂઆતમાં જ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ કહ્યું કે ખંડપીઠે બે અલગ-અલગ ચુકાદા સંભળાવ્યા છે અને ન્યાયમૂર્તિ બી વી નાગરત્નાએ આ મામલામાં અન્ય જજથી અલગ અસહમતિપૂર્ણ વિચાર આપ્યો છે. પોતાના ચુકાદાને વાંચતા ન્યાયમૂર્તિ નાગરત્નાએ કહ્યું કે રાજ્યોની પાસે ખાણ અને ખનીજ યુક્ત ભૂમિ પર કર લગાવવાની કોઈ બંધારણીય ક્ષમતા નથી. પીઠે આ ખૂબ જ વિવાદાસ્પદ મુદ્દા પર ચુકાદો આપ્યો કે શું ખનીજો પર આપવી પડતી રોયલ્ટી ખાણ અને ખનીજ(વિકાસ અને વિનિયમન) અધિનિયમ, ૧૯૫૭ અંતર્ગત એક કર છે, અને શું માત્ર કેન્દ્રને જ આ રીતની વસુલાત કરવાની શક્તિ છે કે પછી રાજ્યોને પણ પોતાના ક્ષેત્રમાં ખનીજ યુક્ત ભૂમિ પર કર લગાવવાનો અધિકાર છે. જોકે બહુમતી ન થવાને કારણે તેમનો ચુકાદો લાગુ પડી શક્યો નહીં. સુપ્રીમ કોર્ટની ૯ જજોની બંધારણ પીઠમાં સીજેઆઈ ચંદ્રચુડ, ન્યાયમૂર્તિ નાગરત્ના સિવાય ન્યાયમૂર્તિ હર્ષિકેશ રોય, ન્યાયમૂર્તિ અભય એસ ઓકા, ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા, ન્યાયમૂર્તિ મનોજ મિશ્રા, ન્યાયમૂર્તિ ઉજ્જલ ભુઈયા, ન્યાયમૂર્તિ સતીશ ચંદ્ર શર્મા અને ન્યાયમૂર્તિ ઓગસ્ટીન જોર્જ મસીહ સામેલ રહ્યા છે.

### મહારાષ્ટ્રની ચૂંટણી ભાજપ માટે ચિંતાનો વિષય બન્યો

# શિંદે અને અજિત પવારે વધાર્યું ભાજપનું ટેન્શન

## અજિતે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં વધુ બેઠકોની માંગણી કરી ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો

મુંબઈ, તા.૨૫

મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપ બેકફૂટ પર ધકેલાયા બાદ હવે વિધાનસભાની ચૂંટણીમાં પણ પાર્ટી મુશ્કેલીઓ સામનો રહી છે. રાજયમાં છેલ્લા ઘણા દિવસોથી એનસીપીના પ્રમુખ અજિત પવારનું નિવેદન અને તેમના અહેવાલો ચર્ચાના ચગડોળે ચઢ્યા છે.

મળતા અહેવાલો મુજબ અજિતે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં વધુ બેઠકોની માંગણી કરી ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો છે.

અજિત પવારની પાર્ટી NCPએ લોકસભાની ચૂંટણીમાં માત્ર એક બેઠક જીતી છે, તેમ છતાં તેઓ વિધાનસભામાં વધુમાં વધુ બેઠકોની માંગણી કરી ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનની વાત કરીએ તો શિવસેના અને એનસીપી વધુમાં વધુ બેઠકોની માંગણી કરી રહ્યા છે, તો બીજીતરફ ભાજપ પણ રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી મોટાભાગની બેઠકો તેની પાસે રાખવા માંગે છે.

હાલ ભાજપ માટે સૌથી મોટો ચિંતાનો વિષય મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણી બની ગયો છે, કારણ કે, રાજ્યની કુલ બેઠકો ૨૮૮ છે અને અજિતની એનસીપી વિધાનસભાની ૮૦થી ૯૦ બેઠકો પર દાવો કરી રહી છે. તો મુખ્યમંત્રી એકનાથ શિંદેની પાર્ટી શિવસેના પણ ૧૦૦ બેઠકોની અપેક્ષા રાખી રહ્યું છે. જ્યારે ભાજપ પોતે ૧૭૦-૧૮૦ બેઠકો પર લડવા માંગે છે.

થોડા દિવસો પહેલા અજિત પવારે વધુ બેઠકો મેળવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ દિલ્હીમાં મુલાકાત કરી હતી. આ ઉપરાંત ભાજપના નેતાઓ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ અજિત પવારના ઘરે જઈને તેમની સાથે મુલાકાત કરી ચુક્યા છે. જોકે તેમ છતાં અજિત ભાજપ પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે, જેના કારણે ભાજપ માટે અજિત પવારની ડિમાન્ડ પુરી કરવી ઘણી મુશ્કેલ દેખાઈ રહી છે.

અજિતે અમિત શાહ સાથે મુલાકાત કર્યા બાદ કહ્યું હતું કે, બેઠક વહેંચણીનો મુદ્દો લોકસભા ચૂંટણીની જેમ લટકાવવામાં ન આવે. આ અંગે વહેલામાં વહેલી તકે નિર્ણય લેવામાં આવે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે સ્કૂલ-કોલેજનાં વિદ્યાર્થીઓ માટે એબીવીપીનો કાર્યક્રમ યોજાયો



શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે સ્કૂલ કોલેજનાં વિદ્યાર્થીઓ માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો કાર્યક્રમ યોજાયો.અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દેશના વિદ્યાર્થીઓના હિત માટે કામ કરતુ સંગઠન છે. તેમા પોતાની આવડત અને સમય આપતા કાર્યકર્તાઓને કેમ્પસ ડાયરેકટર વંસતભાઈ પેથાણી દ્વારા અભિનંદન સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ઉચ્ચ મૂલ્યો કેળવે અને લીડરશિપના ગુણો શીખે તેના થકી રાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનુ આગવુ યોગદાન આપે દેશની ઉન્નતિ માટે કામ કરે તેવી પ્રેરણા મેળવવાના મહાન ઉદેશથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મંત્રી હિમલયસિંહ ઝાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ જણાવ્યુ કે દેશના લાખો વિદ્યાર્થીઓ ખાસ કરી કોલેજના યુવાનો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં જોડાઈ રહ્યા છે. જેમાં આપ પણ જોડાવ અને આ સંગઠનને મજબૂત કરી દેશ સેવાના કાર્યો કરવા આહવાન કર્યુ હતુ. સાથે એબીવીપી સંગઠનના ભિષ્મભાઈભરાડ (એબીવીપી જિલ્લા સંયોજક ), નિતીનભાઈ નકુમ (એબીવીપી અમરેલી જિલ્લા સંગઠન મંત્રી) શિવમભાઈ સોલંકી (એબીવીપી ભાવનગર વિભાગ સંગઠન મંત્રી) મનભાઈ સગર (એબીવીપી અમરેલી નગર મંત્રી) ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાનાં વેપારી પાસેથી

બાબતેની વાત કરી હતી. આ દરમ્યાન આરોપીએ વેપારીનો વિસ કેળવી બગસરાના વેપારી પાસેથી તા. ૧૫ ના રોજ ફોરવ્હીલ કારની કિંમતના રૂપિયા ૩,૨૦,૦૦૦ આંગડીયા પેઢી બગસરા ખાતેથી મંગાવી લઈ અને પૈસા મેળવી લીધા બાદ આરોપીએ પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દઈ વેપારી સાથે રૂપિયા ૩,૨૦,૦૦૦ ની ઠગાઈ અને છેતરપીંડી કરી, ફોરવ્હીલ કાર ન આપ્યાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ૬ આરોપીઓને ૧૦ વર્ષની કેદ

કોથળીમાં ૩૦ કિલો ગૌમાસ તથા કતલ કરવાના સાધનો એક મોટર સાયકલ સહિત રૂપિયા ૧,૩૫,૧૭૦ ના મુદામાલ સાથે ચાર આરોપી ઝડપાયા હતાં જયારે બે આરોપી નાશી છૂટયા હતાં. આ અંગે જે તે સમયે અમરેલી સીટી પોલીસે ફરિયાદ નોંધી હતી.

આ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે સેશન્સ જજ રિઝવાના બુખારીએ આ કેસના સ્પે. સરકારી વકીલ સી.બી. મહેતાની ધારદાર દલીલોને માન્ય રાખી આ કામના એક મહિલા સહિત ૬ આરોપીને ૧૦ વર્ષની સખત કેદ તથા દરેકને રૂપિયા ૨,૦૫,૧૦૦ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરાની ગોકુલધામ સોસાયટીમાં

જેથી ક્યારેક પાણી વધારે પ્રમાણમાં હોવાથી અમારા બાળકો ભણવા પણ નથી જઈ શકતા તેથી તેના ભણતર પર પણ ખૂબ મોટી અસર કરે છે. અમારે ઘરની બહાર નીકળવા માટે પણ એકબીજા નો સહારો લયને નીકળવું પડે છે.

જયારે આ પાણીનો કોઈ પણ નિકાલ ના હોવાથી કેટલા દિવસો સુધી અમારી પરિસ્થિતી આવીજ રહે છે જેના લીધે અહીંયા મચ્છરોનો પણ ખૂબ ઉપદ્રવ વધતો જાય છે અને બીમારીના ખાટલા પણ લગભગ ઘરે ઘરે જોવા મળે છે તો આવી વિકટ પરિસ્થિતિમાં પણ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી ના હોવાથી અમારી છેલ્લા ૫ વર્ષથી આવીજ પરિસ્થિતીમાં રહેવા મજબૂર બનવુ પડે છે.

તો પાલિકા દ્વારા આ કાચા રસ્તા ઉપર ગોરમતું નાખવામાં આવે અને કતો આ રસ્તાને પાક્કો કરવામાં આવે જેથી આ રસ્તો ઊચ્ચો આવે એટલે મહદ અંશે આમારી સમસ્યાનું નિરાકરણ આવે જેથી અહીંયા રહેતા રહીશો બીમારીથી બચી શકે. પાલિકા દ્વારા મશ મોટી વિકાસની વાતો કરી રહ્યા છે ત્યારે આવા વિસ્તારમાં વિકાસ તો ઠીક પણ લોકોને જીવના જોખમે રહે છે. તેવા વિસ્તારની મુલાકાત લઈને તેના ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવે અને અહીંયા રહેતા રહીશોને આ પરિસ્થિતિ માંથી બહાર કાઢે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરકોટમાં સિમેન્ટ કંપનીની

ફેલાવતી હોવાથી અમારા ખેતરનો કોઈ પાક થતો નથી. જેના લીધે અમારા પરિવારનું ગુજરાન ચલાવવું ખૂબ મુશ્કેલ થઈ રહ્યું છે.

તેમજ અમારી જમીનની શેઢે વનીકરણ અને તાર ફેનસિંગ કે અન્ય કોઈ પ્રદુષણને રોકવા માટે કોઈ પણ પ્રકારનું પાર્ટિશન કરવામાં આવેલ નથી. જેથી માઈનિંગનું ડસ્ટિંગ સિધુ જ અમારા ખેતરમાં આવે છે.આથી માઈનિંગ અમારી ખેતીની બાજુમાં શેઢે ખૂબ નજીક હોવાથી અમારી ખેતીને ખૂબજ નુકશાન થઈ રહ્યું છે અને પાક નિષ્ફળ જાય છે.

આ બાબતે અમો સહ પરિવાર કંપનીના અધિકારીઓને અમારા ખેતીમાં નુકશાન થઈ રહ્યું છે એ અમો કંપનીના અધિકારીઓને જણાવવા જઈએ તો મરીન પોલીસ અધિકારી જાફરાબાદને બોલાવીને અમો સહ પરિવારને ડરાવવા ધમકવામાં આવે છે અને અમોને અમારી જમીન છોડવા મજબુર કરવામાં આવે છે.

વધુમાં જણાવેલ છે કે, અમારી ખેતીમાં કાંઈ જ પાક ઉગે નહિ જેથી અમારા સહ પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બને આથી અમારે અમારા પરિવારનું ગુજરાન ચલાવવા માટે અમારી ખેતી જમીન વેચવા માટે મજબૂર કરવાના હેતુથી અમોને યેનકેન પ્રકારે જમીન વેચવા માટે દબાવવા ધમકાવામાં આવી રહ્યા છે. અને અમારી ખેતીને ખૂબ જ પ્રદુષણ ફેલાવે છે. જેથી અમારી ખેતીમાં કાઈ પાક થતો નથી તથા અમારા ખેતરે જવા આવવાના રસ્તાઓ પણ માઈનિંગ કરી નાખવામાં આવેલ છે જેથી અમારે ખેતરે જવું પણ ખૂબ મુશ્કેલ થઈ રહ્યું છે.

અમારી ખેતીમાં ભારતભરમાં પ્રખ્યાત બાબરકોટ ગામનાં બાજરાનું વાવેતર કરવામાં આવે છે. પરંતુ આ કંપનીના બેફામ પ્રદૂષણના કારણે અમારી ખેતીમાં બાજરાનો પાક બળી જાય છે. જેથી અમારા પરિવારનું ગુજરાન ચલાવી શકતા નથી. આ બાબતે વારંવાર કંપનીના અધિકારીઓને જણાવીએ છીએ છતાં અમારૂ કાઈ સાંભળવામાં આવતું નથી અને ઉલટાનું વધારે પ્રદૂષણ ફેલાવવામાં આવે છે. જેના કારણે અમારે અમારા ખેતરમાં ખેતી કરવી મુશ્કેલ થઈ રહ્યું છે અને પાકને નુકશાન થઈ રહ્યું છે. જેથી અમારા સહ પરિવારનું ગુજરાન ચલાવવુ ખૂબ મુશ્કેલ થઈ રહ્યું છે.

આથી ઉપરોકત બાબતે અમારા પરિવારના ગુજરાનને ધ્યાને લઈને યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લા અને યુવા ભાજપ દ્વારા

પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, વનરાજભાઈ કોઠીવાળા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા તેમજ એક્કસ આર્મી મેન, બજરંગ દળ, આખડાગ્રૃપ, ડિસ્ટિક ચેમ્બરના આગેવાનો, વેપારી મહામંડળના અગ્રણીઓ સહીત યુવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી શહેર યુવા મોર્ચાના પ્રમુખ અર્જુનભાઈ દવે, મહામંત્રી જતીન સાવલીયા, મહાવીર વિછિયા, વિદુર ડાબાસરા, જીગીશુ મહેતા સહિતના આગેવાનો એ જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## લીલીયામોટાનાં હાથીગઢ-ભેંસાણ વચ્ચેનાં

પણ તપાસ હાથ ધરવામાં આવશે અને તે અંગેનો એક રીપોર્ટ તૈયાર કરી રાજય સરકારને મોકલવામાં આવશે તેમ અંતમાં જણાવ્યું હતું.

આમ વરસાદી વાતાવરણ વચ્ચે એક ૯થી ૧૦ વર્ષની ઉંમર ધરાવતો સિંહ રેલ્વે ટ્રેક પર અચાનક આવી પેસેન્જર ટ્રેન હડફેટે આવી જતાં સિંહને બચાવવામાં વનવિભાગ તથા રેલ્વે વિભાગ નિષ્ફળ નિવડયું હોય. આ સિંહના મોતના સમાચાર વાયુવેગે પ્રસરીજતાં સિંહપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનો શપથ ગ્રહણ સમારંભ યોજાયો

અમરેલી, તા. ૨૫

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનો વર્ષ ૨૦૨૪/૨૫ને શપથગ્રહણ સમારંભ સારહી તપોવન આશ્રમ ખાતે તા. ૨૦/૭/૨૦૨૪ ના રોજ યોજાયો. ગતવર્ષના પ્રમુખ લા. કૌશિક હપાણીના માર્ગદર્શન નીચે નવી ટીમના પ્રમુખ લા. રાજેશ વિઠલાણી, સેક્રેટરી બકુલ ભટ્ટ તથા ખજાનચી હર્ષદ વઘાસિયા અને તેની ટીમનો શપથગ્રહણ સમારંભ કાર્યક્રમ યોજાયેલ. આ તકે ઉદઘાટક એસ.પી. હિમકરસિંહ દ્વારા થયેલ. તેમજ પૂ. લવજીબાપુ ખોડલધામ નેસડી આર્શીવચન પાઠવેલ અને ઈન્સ્ટોલીંગ ઓફિસર ડિસ્ટ્રીકટ ગદર્નર લા. ભારત બાવીશી દ્વારા નવી ટીમ શપથગ્રહણ કરાવેલ. આ તકે અતિથી વિરોધ પૂર્વગવર્નર લા. વસંતભાઈ મોવલીયા, સાર હિકલ તથા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, રિજીયન ચેરપર્સન દિનેશભાઈ ભુવા, ડીસ્ટ્રીકટ ડેપ્યુટી સેક્રેટરી કાંતિભાઈ વઘાસીયા, ઝોન ચેરપર્સન કમલેશ ચેલા, લાયન્સ સ્નહી કલબ તથા રોયલ કલબના પ્રમુખઓ મનસુખભાઈ ઉધાડ, જીતુભાઈ ગોળવાળા તથા વલ્લભભાઈ રાણપરીયા ખાસ ઉપસ્થિત રહેલ. આ તકે અઢાર નવા મેમ્બર કલબ સાથે જોડાયેલ તેમને



શપથ લેવડાવેલ નવા પ્રમુખ અને તેની ટીમને સુંદર કાર્યો કરી લાયન્સ કલબની પ્રવૃતિઓ કરશે તેવી સર્વેએ શુભેચ્છા પાઠવેલ. સંચાલન ભરત બાવીશીએ કરેલે. અને તડે સિનીયર લા. મેમ્બર, નનુભાઈ તળા વીયા, જયસુખભાઈ ઢોલરીયા, ગોરધી માહલીયા, જે.ડી. નિલેશ ઠુમ્મર, રાજેશ ઝાલાવાડીયા, જતીન સુખડીયા તેમજ મેમ્બરઓ હાજર રહેલ સર્વએ ભોજનનો સ્વાદ લીધેલ તેમ કલબના રાજુભાઈ પરિખ જણાવે છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ગં.સ્વ. મંગળાબેન ગોકળદાસ દશાણી (ઉ.વ. ૯૨) તે સ્વ. જી.એચ. દશાણી (નિવૃત્ત પ્રિન્સીપાલ ફોરવર્ડ સ્કૂલ) નાં ધર્મપત્ની તથા બકુલભાઈ (નૂતન હાઈસ્કૂલ નિવૃત્ત) અને રાજેશભાઈ (બેંક ઓફ બરોડા નિવૃત્ત)નાં માતુશ્રીનું દુઃખદ અવસાન તા. ૨૧/૭/૨૦૨૪ને રવિવાર (ગુરૂપૂર્ણિમા)ના રોજ થયેલ છે.

સ્વર્ગસ્થની પ્રાર્થનાસભા/ઉઠમણું તા. ૨૭/૭/૨૪ શનિવારનાં રોજ સંઘવી ધર્મશાળા હોલ, સ્ટેશન રોડ, અમરેલી મુકામે સાંજે ૪ થી ૫:૩૦ કલાકે રાખેલ છે. પિયરપક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૩૨ | ૧૧૮૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૬ | ૧૨૬૨ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૭૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ૫ | તલ સફેદ | ૨૦૪૦ | ૨૬૩૩ |
| ૬ | તલ કાળા | ૩૧૫૦ | ૩૫૬૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૫૫૦ | ૩૫૫૦ |
| ૮ | બાજરો | ૪૬૪ | ૪૬૬ |
| ૯ | જુવાર | ૪૨૨ | ૯૦૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૦ | ૫૯૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૭ | ૫૮૯ |
| ૧૨ | મગ | ૧૪૭૨ | ૧૬૦૯ |
| ૧૩ | ચણા | ૧૧૮૦ | ૧૩૩૦ |
| ૧૪ | તુવેર | ૧૦૨૦ | ૨૨૫૬ |
| ૧૫ | કપાસ | ૯૫૦ | ૧૫૮૦ |
| ૧૬ | એરંડા | ૯૬૦ | ૧૦૮૯ |
| ૧૭ | જીરૂ | ૩૫૦૫ | ૪૮૬૦ |
| ૧૮ | ધાણા | ૧૧૮૦ | ૧૨૭૦ |
| ૧૯ | મેથી | ૯૭૦ | ૧૧૨૦ |
| ૨૦ | સોયાબીન | ૬૪૫ | ૮૪૨ |
| ૨૧ | રજકાનું બી | ૩૬૭૫ | ૪૫૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૦ | ૧૫૬૦ |
| ૨ | મગફળી | ૧૦૯૫ | ૧૧૩૫ |
| ૩ | જીરૂ | ૪૬૯૦ | ૪૮૫૦ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૬૦ |
| ૫ | તલ | ૨૨૬૦ | ૨૩૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૨૨૧ |
| ૩ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૮૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૧ | ૨૫૬૫ |
| ૫ | તલ કાળા | ૩૦૫૦ | ૩૪૨૦ |
| ૬ | જીરૂ | ૪૪૦૦ | ૪૯૫૦ |
| ૭ | કપાસ | ૧૧૮૦ | ૧૫૪૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૪૩૭ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૫૦૨ |
| ૧૨ | મકાઈ | ૫૦૦ | ૬૦૧ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૫૨૮ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૨૭૨ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૨૨૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા સફેદ | ૧૨૬૫ | ૧૨૬૫ |
| ૨ | શીંગ ફાડા | ૧૪૧૫ | ૧૪૪૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૪૭ | ૫૨૭ |
| ૪ | સોયાબીન | ૭૯૨ | ૮૨૦ |
| ૫ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૫૦૦ |
| ૬ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૫૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૩૫ |
| ૮ | મગ | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૯ | ધાણા | ૧૦૮૦ | ૧૨૦૫ |
| ૧૦ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | જુવાર | ૮૨૦ | ૮૨૦ |
| ૧૩ | તલ કાળા | ૧૮૦૦ | ૧૮૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૨ | ૧૨૭૬ |
| ૨ | ચણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૩ | જુવાર પીળી | ૪૨૦ | ૪૪૧ |
| ૪ | ધાણા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૫ | ઘઉં | ૪૭૬ | ૪૭૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| ૨ | ચણા | ૧૧૯૫ | ૧૨૬૨ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | તલ | ૨૨૨૬ | ૨૨૨૬ |
| ૫ | તુવેર | ૨૨૦૧ | ૨૨૦૧ |
| ૬ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૪૬૧ |
| ૭ | મેથી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૮ | ધાણા | ૧૨૮૨ | ૧૨૮૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૪૨ |
| ૨ | કપાસ | ૧૨૫૧ | ૧૫૨૫ |
| ૩ | બાજરો | ૪૪૦ | ૫૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૧ |
| ૫ | જુવાર | ૬૨૫ | ૮૪૫ |
| ૬ | અજમા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૭ | ચણા | ૮૦૦ | ૧૧૭૬ |
| ૮ | શીંગદાણા | ૧૨૬૧ | ૧૫૨૫ |
| ૯ | રાય | ૧૩૫૦ | ૧૩૫૦ |

## સતાપક્ષનો દશકો પુર્ણ થયો અને વિપક્ષનો સમય શરૂ

# દેશની લોકસભામાં સતાપક્ષનાં સાંસદો રક્ષણાત્મક સ્થિતિમાં

ઈન્ડિયા ગઠબંધનનાં જુદા-જુદા પક્ષોના સાંસદોના આક્રમક તેવરથી એનડીએ સરકારની ભૂમિ લથડી રહી છે

પાર્લામેન્ટનાં ફ્લોર પરથી ભાજપની આક્રમકતા ગાયબ અને મોદી-મોદીના નારા પણ બંધ થઈ ગયા

સતાપક્ષની હંમેશા તરફેણ કરનાર સ્પીકર પર પણ વિપક્ષી સાસંદોનાં શાબ્દિક પ્રહારો

એનડીએ સરકાર ત્રીજી ટર્મનાં માત્ર ૫૦ દિવસમાં અનેક મોરચે ઘેરાઈ ગઈ છે



અમરેલી, તા.૨૫

દેશની સૌથી મોટી પંચાયત ગણાતી પાર્લામેન્ટમાં એક દાયકા બાદ નવું ચિત્ર જોવા મળી રહયું છે. છેલ્લા ૧૦ વર્ષથી પાર્લામેન્ટથી લઈને ગામ પંચાયત સુધી સતાપક્ષ ભાજપનો દબદબો જોવા મળતો હતો. જેમાં હવે, વ્યાપક પ્રમાણમાં ઘટાડો જોવા મળી રહયો છે. અને સતા પક્ષ પાર્લામેન્ટમાં વિપક્ષી સાસંદોનાં શાબ્દિક હુમલા સામે રક્ષણાત્મક સ્થિતીમાં જોવા મળી રહ્યા છે.

કોંગી નેતા રાહુલ ગાંધીને પપ્પુ સાબિત કરવા માટે સતાપક્ષે શામ, દામ, દંડ અને ભેદની રીતરસમ અપાવીને પ્રાથમિક તબક્કે સફળતા મેળવીને આનંદ માણતો હતો. પરંતુ, મોરના ઈંડા ચીતરવા ન પડે તેમ રાહુલ ગાંધીમાં તેમની નાની ઈન્દિરા ગાંધી અને જવાહરલાલ નહેરૂનું લોહી હોવાથી તેઓએ ભારત જોડો જેવી સફળ યાત્રા કરી, દેશનાં ખેડૂતો, શ્રમિકો, સહિતની મુલાકાત લીધી તેની પાછળ અખુટ મહેનત કરી પરિણામ સ્વરૂપે કોંગ્રેસ પક્ષને જોરદાર સફળતા તો મળી, સાથે અન્ય વિપક્ષ પાર્ટી સાથે ગઠબંધન કરીને લોક સભાની ચુંટણીમાં ઝંપલાવ્યુ અને તેના ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં જબ્બરો વધારો થયો. અને તેમાં પણ અયોધ્યાની બેઠક પર વિજય મેળવીને સતાપક્ષનાં હિન્દુત્વનાં મુદાને જબ્બરી ચોટ પહોંચાડતા ઈન્ડિયા ગઠબંધનના તમામ સાસંદો હાલમાં ફુલ ફોર્મમાં જોવા મળી રહયાં છે. અને ૧૦ વર્ષથી સહન કરતા અપમાનનો બદલો પાર્લામેન્ટમાં લેતા જોવા મળી રહયા છે.

ઈન્ડિયા ગઠબંધનના કેપ્ટન બનેલ રાહુલ ગાંધી સાથે વાઈસ કેપ્ટન ગણાતાં અખિલેશ યાદવ, સહિતનાં સાસંદો ભાજપનાં તમામ સાંસદો ઉપરાંત, કેબિનેટ મંત્રીઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત, લોકસભાનાં સ્પીકરનો પણ મકકમતાથી સામનો કરીને સતાપક્ષને પરેશાનીમાં મુકી રહયા છે. ૧૦ વર્ષથી દેશવાસીઓ સતાપક્ષનાં હાથે વિપક્ષને માર ખાતો નિહાળતા હતા. અને હવે, વિપક્ષી સાંસદો ભાજપને પીછેહઠ કરાવતાં જોવા મળી રહયા છે.

---

### પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે પાક સંરક્ષણના ઉપાયો

## નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિ અસ્ત્રને ઘરે જાતે જ બનાવી શકાય છે

**પ્રાકૃતિક પદાર્થોથી તૈયાર થતી દવાઓ ઓછાં ખર્ચે અને ઘરબેઠાં તૈયાર થાય છે**

અમરેલી, તા. ૨૫

રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુકત બનાવવા માટે રાજયપાલથી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. ઝેરયુકત રસાયણિક ખાતરોના ઉપયોગ વગર દેશી ગાયના છાણ અને ગૌમૂત્રની સાથે સાથે પ્રાકૃતિક પદાર્થો યુકત દવાઓના ઉપયોગ વાળી કૃષિ કરી અને ખેત ઉપજ વધી શકે છે અને તે સાથે ખર્ચમાં ઘટાડો થાય છે. કોઈ પણ ખેતી માટે પાકના સંરક્ષણએ મહત્વનો ભાગ છે. પાકમાં થતી ચૂસિયા પ્રકારની અને મોટી જીવાતો, ઈયળો અને કીટકોના વ્યવસ્થાપન માટે રાસાયણિક દવાઓનો ઉપયોગ કરવો પડે છે. તેને બદલે તેના વિકલ્પરૂપે વસ્તુઓ બનાવી તેનો ઉપયોગ કરી શકાય છે. પ્રાકૃતિક ખેતીમાં જેમ ખાતરની દવાઓ બની શકે છે તેમ પ્રાકૃતિક પદાર્થોની મદદથી ઘશ્ર બેઠા રાસાયણિક દવાઓના વિકલ્પ જાતે બનાવી શકાય છે. નજીવા ખર્ચે બનતી આ દવાઓ લગભગ વિનામૂલ્યે તૈયાર થઈ શકે છે. થોડી મહેનત થકી આ દવાઓ તૈયાર થઈ શકે અને ખેતરમાં હોય તે ઉભા પાકને જીવાતોથી બચાવી શકે છે. પ્રાકૃતિક ખેતીના અસ્ત્રો નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અને અગ્નિ અસ્ત્ર દ્વારા જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી શકાય છે.

૧) નિમાસ્ત્ર (ચૂસિયા પ્રકારની જીવાતો અને નાની ઈયળોના નિયંત્રણ માટે) : ૨૦૦ લીટર ૧૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૨ કિલોગ્રામ દેશી ગાયનું છાણ + ૧૦ કિગ્રા કડવા લીમડાના નાના પાંદડા, કુમળી ડાળીઓ અથવા ૨૦ થી ૩૦ કિલો લીંબોડી ખાંડીને આ મિશ્રણને કોથળાથી ઢાંકી ૪૮ કલાકમાં છાયડામાં રાખી સવાર સાંજ ૫-૫ મિનિટ ઘડિયાળનાં કાંટાની દિશામાં હલાવવું ત્યારબાદ કપડાથી ગાળીને ઉપયોગ કરવો. સંગ્રહ ક્ષમતા : ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય. છંટકાવ : પ્રતિ એકર ૨૦૦ લીટર ફકત નિમાસ્ત્ર. પાણી ભેળવવાનું નથી. પાણી ભેળવ્યા વગર સીધો છંટકવા કરવો. (૨) બ્રહ્માસ્ત્ર (કીટકો, મોટી જીવાતો અને ઈયળો માટે) : ૨૦ લીટર પાણી દેશી ગાયનું ગૌમૂત્ર + ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી + ૨ કિલોગ્રામ કરંજના પાનની ચટણી + સીતાફળના પાનની ચંટણી + ૨ કિલોગ્રામ એરંડાના પાનની ચટણી + ૨ કિગ્રા ધતુરાના પાનની ચટણી + ૨ કિલોગ્રામ બીલીપત્રના પાનની ચટણી આ પૈકી કોઈપણ પાંચ જાતની ચટણી લઈ આ મિશ્રણને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરીને ઠંડુ પડવા દેવું. ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર-સાંજ ૫-૫ મિનિટ ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને ઉપયોગ કરવો. સંગ્રહ ક્ષમતા : ૦૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય. છંટકાવ : પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લીટર પાણી + ૬ થી ૮ લીટર તા. : ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય. (૩) અગ્નિઅસ્ત્ર (વૃક્ષના થડ અથવા દાંડીઓમાં રહેતાં કીટકો, કળીઓમાં રહેતી જીવાતો, ફળોમાં રહેતી જીવાતો, કપાસના કાલામાં રહેતી જીવાતો તેમજ બધા પ્રકારની મોટી જીવાતો અને ઈયળો માટે) રીત : ૨૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી + ૫૦૦ ગ્રામ તીખા મરચાની ચટણી + ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી + ૫૦૦ ગ્રામ તમાકુનો પાવડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી, આ મિશ્રણને ઓગાળીને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરી ઠંડુ પડવા દેવું ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર-સાંજ ૫-૫ મિનિટ કમાટે ઘડીયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને ઉપયોગ કરવો સંગ્રહ ક્ષમતા : ૩ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય છંટકાવ પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લીટર પાણી + ૧ ની ૮ લીટર અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો. આમ, પાક સંરક્ષણના આ ઉપાયો દ્વારા ખેડૂતો પ્રાકૃતિક રીતે દવાઓ બનાવી અને તેનો છંટકાવ કરી શકે છે અને રાસાયણિક દવાઓથી થતી સંભવિત આડઅસરોથી જમીનને અને પાકને સંરક્ષિત રાખી શકે છે.

---

## કાઉ ટુરિઝમ : પર્યટનનો એક અનોખો પ્રકાર

## માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક કાઉ ટુરિઝમ

અમરેલી, તા. ૨૫

કાઉ ટુરિઝમ એ પર્યટનનો એક અનોખો અને વિશિષ્ટ પ્રકાર છે, જેમાં પર્યટકોને ગાય સાથે જોડાયેલી ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક અનુભવોની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. કાઉ ટુરિઝમ અનેક રીતે ફાયદાકારક છે, જેમાં પર્યાવરણમિત્ર અને પ્રકૃતિસંલગ્ન અનુભવ થાય છે. ગૌશાળા મુલાકાત, કૃષિ પ્રવાસ, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવાસ, શાંતિ અને મેડિટેશન, ગૌઉત્પાદનોનું પ્રદર્શન, શૈક્ષણિક પ્રવાસએ કાઉ ટૂરિઝમનાં વિવિધ પાસાઓ છે.



કાઉ ટુરિઝમથી પર્યટકોને ગૌશાળા (કાઉ શેલ્ટર)માં જઈને ગાયની સંભાળ અને સેવાના વિષયમાં જાણકારી મળે છે. ગાયના દુધ દોહવાની પ્રક્રિયા, ગાયને ચારો ખવડાવવો, ગાયના ગોબરના ઉપયોગ વગેરે વિષે પર્યટકોને પ્રાથમિક અનુભવ મળે છે. તે ઓર્ગેનિક અને કુદરતી ખેતીની પદ્ધતિઓ અને તેનો પર્યાવરણ ઉપર પડતો સકારાત્મક પ્રભાવ સમજવામાં મદદ કરે છે. આ સાથે ગાયના ઐતિહાસિક મહત્વ અને તેની સાથે જોડાયેલી કથાઓ વિશે માહિતી મળે છે. ગાયના દુધ, દહીં, ઘી અને છાશ જેવા ઉત્પાદનોની નિર્માણ પ્રક્રિયા જોવાનો અનુભવ તેમજ કોઈ પણ ભેળસેળ વગરના આ ઉત્પાદનો ચાખવાનો અનુભવ પણ મળે છે. ગાયના ગોબર અને યૂરીનથી બનાવેલા આયુર્વેદિક અને કુદરતી ઉત્પાદનોની પ્રક્રિયા અને ફાઈનલ પ્રોડેકટસ જોવા મળે છે.

ગૌશાળા અને ગ્રામ્ય પર્યાવરણમાં સમય વીતાવવાથી માનસિક આરામ અને શાંતિ પ્રાપ્ત થાય છે. ગાય સાથે જોડાણ થવાથી માનવીમાં સ્નેહ અને લાગણીની ભાવનાઓ ઉત્પન્ન થાય છે, જે માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. ગાય સાથે જોડાયેલી ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં ભાગ લેવાથી આધ્યાત્મિક ઉન્નતિ થાય છે.

તમામ ગૌશાળાઓએ કાઉ ટુરીઝમ (ગાય પર્યટન) થઈ શકે તે માટે ગૌશાળા પરિસરને તૈયાર કરવું જોઈએ. ખાસ કરીને શાળાનાં બાળકો માટે ગાય પર્યટન એ અત્યંત ઉપયોગી થાય છે. બાળકોને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને સજાગતા જન્માવવા માટે તમામ શાળાઓએ આવા શૌક્ષણિક પ્રવાસનું આયોજન કરવું જોઈએ.

---

## પરિવાર સાવધાન : ૨૦૨૨થી ૨૦૨૫ સુધીમાં મોટો બદલાવ

અમરેલી, તા. ૨૫

સાવધાન પૈસા વાપરતા પહેલા સો વાર વિચાર કરજો આજે માણસ પાસે પૈસા વાપરવા માટેના હજારો રસ્તા ખુલ્યા છે પરંતુ કમાવવા માટેના ધીરે ધીરે બધા જ રસ્તા બંધ થતા જાય છે.

આજના આ યુગને કર્યો યુગ કહેવો તો ખૂબ જ અઘરૂ છે એક કલાક માટે પણ આરામ કરવા માટે બેસશો તો લખી રાખજો આવનારો સમય આપના માટે ખૂબ જ કષ્ટદાયક બની જશે આજના ઈન્ટરનેટના જમાનામાં માણસે મશીન બન્યા વિના છૂટકો નથી રોજેરોજ વધતા જતા ભાવ આસમાને પહોંચી ગયા છે ઘરના દરેક વ્યક્તિએ કમાઈને ખાવાનો સમય પાકી ગયો છે. મુદ્દાની વાત કરીએ તમારી પાસે કમાવવા માટેના રસ્તા ધીમે ધીમે બધા જ બંધ થવા લાગ્યા છે.

સેલ્સ રીપ્રેઝન્ટેટિવ દલાલી, ડિસ્ટ્રીબ્યુટર, રિટેલરો, ગંજના નાના મોટા વેપારીઓ આ તમામ બંધ થવાના આરા પર આવી ગયા છે. અત્યારે ફોન કે ઈન્ટરનેટ થી કોઈપણ ઈન્ડસ્ટ્રીઝ કે મેન્યુફેક્ચરીંગ કંપની હવે ડાયરેક ખરીદનારને વેચાણ કરી શકે તેવા ઉપકરણો આવી ગયા છે. પહેલા એક કંપનીમાં આઠ થી દસ રીપ્રેઝન્ટેટિવ, ડિસ્ટ્રીબ્યુટર, રિટેલરો થી લઈ કસ્ટમર સુધીના હજારો પરિવાર કમાતા હતા અને તેનાથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. આજે સદંતર બંધ થવાના આરે ઉપર છે. મોટા મોટા મોલ ખુલી જતા કંપની ખુલ્લે આમ ભાવમાં બાંધછોડ કરી પોતાની પ્રોડક્ટ વેચી દેશે. જેમાં વચ્ચે હવે કોઈ દલાલોની જરૂર પડતી નથી.

ચાલતા ઘર ફલેટ બંગલો લોકોની પાછળ બુક કરાવી દોડવાની જે એક ફેશન ચાલી છે પોતાની રહેલ મૂડી ભરી દેવી પછી હપ્તો ભરીશું હાલની આવક સામે બધા ગણિત આવનારા બે વર્ષ ખોટા પાડશે નહિ ભરાય રૂપિયા તો પાછા આવી જશે એ ગણિત પણ ખોટું પડશે આપણાં બાપ દાદા એ એક ઘરમાં દશ દશ સંતાનો પરણાવ્યા પણ તેઓ ક્યારેય ખોટા ટેન્શનમાં જીવ્યા નથી આ વાત પર સતત ધર્મ ગુઢઓ એ ખાસ ભાર મૂકી ને દરેક ને આવનારા બે વર્ષ માપમાં રહેવા જણાવ્યું છે.

હોટેલો-મોટેલો હરવા ફરવા ઉપર સંપૂર્ણ કાપ મૂકી ને આપની તમામ મૂડી ને હાથ પર રાખજો. આગળ બહુ કામ લાગશે.

ખાવા-પીવાના, ફરવા-હરવાના, પહેરવા-ઓઢવાના ખર્ચા માં કાપ મૂકો.

કોઈ એજન્ટો દલાલોની મીઠી વાણીમાં આવી જઈને કે ઓનલાઈનના આંબલી પીપળીમાં ભરમાયા વિના ખોટી ઉછલ કુદ બંધ કરી જે છે તે સાચવી ને બેસજો ક્યાંય કોઈ બાના ટોકન આપ્યા હોય તો એટલેથી અટકી જજો નહિતર ગોત્યા જડશો નહિ અને ભરેલી મૂડીનું વ્યાજ જેમાંથી રોટલા નીકળે છે તે પણ તોડશો. બચત ફરજિયાત કરવાની બધા સભ્યો ટેવ પાડશો. બાળકોને પણ શીખવો. આગળ આવી રહેલો સમય મગજમાં રાખવો.

ટૂંકમાં અત્યારે જોવા જઈએ તો ૩૦ થી ૪૦ ટકા માણસો નકામા એટલે કે ધંધા વગરના બની ગયેલા છે, મુદ્દાની વાત કરીએ તો પરિવારના પાંચ સભ્યો બધા સભ્યો પાસે પાંચ થી દસ હજારનો મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ (વધારાનો ખર્ચ) દરેકને દર મહિને રિચાર્જ (વધારાનો ખર્ચ) ઈન્ટરનેટ તથા ટીવી નો ખર્ચ પરિવારના દરેક ની પાસે ટુ વ્હીલર કે ફોર વહીલર હોવું તે એક સ્ટેટસ ગણાય છે (વધારાનો ખર્ચ) દરેક સાધનોમાં પેટ્રોલ તથા ડીઝલ અને રીપેરીંગનો ખર્ચ, પહેલા પરિવારના દરેક સભ્યોએ એક જ હોલમાં બેસીને એક પંખા નીચે વાતો કરતા હતા જયારે અત્યારે બધાને પોતાની પ્રાઈવસી જોઈએ છે. અલગ અલગ રૂમમાં બેસીને મોબાઈલ પર વાતો કરતા હોય છે.

એલઈડી આવવા છતાં પણ લાઈટનું બિલ વધી ગયું છે, ખાવા-પીવા પાર્ટીમાં બર્થ ડે મેરેજ એનિવર્સરીનો દેખાડો વધી ગયો છે, મોભો બતાવવામાં લોકો મનમૂકીને પૈસાનો ખર્ચ કરતા હોય છે સાથે સાથે પીઝા બર્ગર હોટડોગ જેવી દિવસે દિવસે કેટલાય દિવસોના કંપનીએ બનાવેલા વાસી ખોરાક ખાવાની પ્રથા બની ગઈ છે.

નેચરલ અને વિટામિન્સ વાળા ખોરાકો ધીમે ધીમે સદંતર ખતમ થઈ ગયા છે. અને તેથી જ ડાક્ટરોના દવાખાના ધમધોકાર ચાલે છે.

ટૂંકમાં કહીએ તો માણસ પાસે આજે પૈસા કમાવવા માટેના બધા જ સોર્સમર્યાદિત બની ગયા છે, અને વાપરવાના હજારો રસ્તા ફરજીયાત બની ગયા છે માટે જ એક પણ મિનિટ બગાડ્યા વિના પૈસાની ફક આવક શરૂ કરતાં શીખો, વાપરવાનું મર્યાદિત રાખો નહી તો ૨૦૨૫ માં શોધ્યા નહી જડે એ નિશ્ચિત છે.

રૂપિયા વાપરતા બધા શીખવે કમાવા માટે* તમારે.. એકલા..શીખવાનું..સમજો.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

### રાજય ચૂંટણી, મુખ્ય ચૂંટણી અધિકારીએ કર્યો આદેશ

## રાજકોટ : સ્વામીનારાયણ સંસ્થા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ

**ધાર્મિક સંસ્થાની તપાસનાં આદેશથી ચકચાર**

રાજકોટ, તા. ૨૫

તાજેતરમાં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં કાલાવાડ રોડ, રાજકોટ મુકામે આવેલ સ્વામી નારાયણ મંદિર (બીએપીએસ)ના સત્સંગ હોલમાં ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાના પ્રચાર-પ્રસાર માટે બેઠક મળેલ હતી. તે બાબતે જિલ્લાને લેખિતમાં સંજય લખાણી અને કૃષ્ણદત રાવલે સંયુકત રીતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર રાજકોટને અરજી કરેલ. તે અરજી સંદર્ભે સંતોષજનક પગલા ન લેવાતા ગાંધીનગર મુખ્ય નિર્વાચન અધિકારીને અપીલ/રિવીઝન અરજી તા.૨૫/૦૫/૨૦૨૪ ના રોજ કરેલ. જે સંદર્ભે અરજદારની અરજી અને કલેકટરના અહેવાલને ધ્યાને લઈ મુખ્ય નિર્વાચન અધિકારીને તા.૧૪/૦૬/૨૦૨૪ના રોજ કલેકટરને ધ રિલીઝીયન્સ ઈન્સ્ટીટયુશન (પ્રિવેન્સન ઓફ મિસયૂઝ) એકટ-૧૯૮૮ની કલમ ૩,૫,૬,૭ અંતર્ગત યોગ્ય કાર્યવાહી કરની કરેલ કાર્યવાહીનો અહેવાલ કરવા માટે હુકમ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ગુજરાતમાં એમા ખાસ કરીને રાજકોટમાં કોઈ ધાર્મિક સંસ્થાએ કાયદાનો ભંગ કરીને ચૂંટણીના પ્રચા/પ્રસાર માટે પોતાની સંસ્થાઓનો ગેરઉપયોગ કરવા અંગે કાર્યવાહી કરવાનો ચૂંટણી અધિકારીએ આદેશ આપ્યાનો આ પ્રથમ કિસ્સો છે.

તા.૧૪/૦૬/૨૦૨૪ના રોજ સ્વામી નારાયણ મંદિર (બીએપીએસ) કાલાવાડ રોડ, રાજકોટ વિરૂધ્ધ કાર્યવાહી કરવાનો આદેશ કરવા છતા કલેકટર તંત્રએ ઉપલી સત્તાધિકારીના આદેશની અવમાનના કરતા આ કામના મૂળ ફરિયાદી સંજય લાખાણી અને કૃષ્ણદત રાવલે આજે કલેકટરને લેખિતમાં રજુઆત કરી છે અને સ્વામી નારાયણ મંદિર (બીએપીએસ) કાલાવાડ રોડ, રાજકોટ અને તેના મેનેજર/વહિવટકર્તા ઘનશ્યામસિંહ ઝાલા અને કાઠારી સ્વામી સામે ગુન્હો દાખલ કરવા અરજ કરેલ છે. ભાજપ કાર્યાયલ રાજકોટ શહેરનાં મંત્રી હરેશ જોષી સામે સદરહું ગુન્હામાં મદદરૂપ થવા માટે ગુન્હો નોંધવા પણ અરજ કરેલછે. જેથી કલેકટર તંત્રમાં દોડધામ મચી ગયેલ છે. અરજદારોએ અરજીમાં જણાવેલ છે કે ગુજરાત રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીનો હુકમ હોવા છતા એક માસ કરતા વધુ સમય વિતી ગયેલ છે. છતા પણ કલેકટર તંત્રએ ગુન્હો નોંધેલ નથી જે પગલુ પણ ફોજદારી કૃત્ય બને છે અને જો ગુન્હો નોંધવામાં ન આવે તો કલેકટર સાહેબ સામે નામદાર કોર્ટમાં જવાની ફરજ પડશે તેમ બંને અરજદારોએ જણાવેલ છે.

**કેસની પૂર્વ વિગત જઈએ તો,**

અરજદારએ રજુઆત કરેલ હતી કે, રાજકોટ સને-૨૦૨૪ની લોકસભાની ચૂંટણીનો મતદાર તા.૭/૫/૨૦૨૪ના રોજ થયેલ છે. આ લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષના ઉમેદવાર તરીકે પુરૂષોતમભાઈ રૂપાલા ઉભા હતા.અરજદારએ વધુમાં રજુઆત કરેલ હતી કે, આ કામમાં અક્ષર સ્વામી નારાયણ મંદિર (બીએપીએસ)ધાર્મિક સંસ્થા છે. બ્રહ્મવિહારીદાસજી તે સ્વામી નારાયણ મંદિર ઠે. કાલાવાડ, રાજકોટ સંસ્થાનાં મેનેજર/વહીવટકર્તા છે જે રોજબરોજની કામગીરી અને વહીવટ સંભાળે છે. ઘનશ્યામસિંહ ઝાલા તે સ્વામી નારાયણ મંદિર સંસ્થા સાથે રોજબરોજની કામગીરી સંકળાયેલા છે. હરેશ જોષીએ રાજકોટ શહેર ભાજપના હોદેદાર છે.લોકસભાની ચૂંટણી સબંધે તા.૧૬/૦૩/૨૦૨૪થી તા.૦૫/૦૫/૨૦૨૪ સુધી રાજકીય ગતીવિધીઓ અને પ્રચાર ખુબ તેજ હતો. કોઈપણ ધાર્મિક સંસ્થાઓ કોઈપણ રાજકીય પક્ષને પોતાની રાજકીય ગતિવિધી માટે પોતાના પ્રચાર માટે કોઈ સમુદાયની પોતાના સ્થળ/ધાર્મિક સ્થળમાં એકઠા કરતા તે ગુન્હો બને છે/કોગ્રીજીબલ ગુન્હો બને છે.અરજદારએ વધુમા રજુઆત કરેલ હતી કે, તા.૨૮/૦૩/૨૦૨૪ના રોજ રાજકોટ કાલાવાડ રોડ પર આવેલ સ્વામી નારાયષ્ટ્ર મંદિર ખાતે ભારતીય જનતા પક્ષ દ્વારા તેમની રાજકીય ગતીવીધી માટે એટલે કે રાજકીય ગતીવીધીને પ્રોત્સાહન અને પ્રચાર કરવા માટે સંમેલન સ્વામી નારાયણ મંદિર ધાર્મિક સંસ્થામાં રાખવામાં આવેલ. આ સંમેલનના ફોટોગ્રાફસ જોઈએ તો ઉપરોકત ધાર્મિક સંસ્થામાં ભારતીય જનતા પક્ષના રાજકીય પ્રચાર કરતા અને રાજકીય ગતીવીધી કરતા પોસ્ટ અને બેનર અને મંડપ બાંધેલ હોવાનુ સ્પષ્ટ જણાયેલ હતુ. ઉપરોકત ફોટોગ્રાફસની નકલ પણ અરજદારે અરજી સાથે બીડેલ હતી.કલેકટર રાજકોટ/ જિલ્લા ચૂંટણી અધિકારી રાજકોટ દ્વારા કોઈ પ્રત્યોતર કે રિપોર્ટની માહિતી ન મળતા અરજદારએ મુખ્ય ચૂંટણી અધિમકારી, ગુજરાત રાજય, ગાંધીનગરને તા.૧૫/૦૪/૨૦૨૪ના રોજ પત્ર લખી, તેની નકલ રૂબરૂ આપેલ અને જેમાં ફરીયાદીની ફરીયાદના આધારે થયેલ કાર્યવાહીનો રીપોર્ટ/ અહેવાલ **આપવા જણાવેલ.** ઉપરોકત ધાર્મીક સંસ્થાના સભાગૃહમાં ગેઈટ ઉપર ભારતીય જનતા પક્ષના ચૂંટણીને લગતા કમાન-બેનર લગાડેલ હોવાનુ માલુમ પડેલ. તેમજ ઉપરોકત વિગત (CVIGIL/Flying Squad) દ્વારા કરવામાં આવેલ સ્થળ તપાસમાં ઉપરોકત રાજકીય પક્ષની ચૂંટણીલક્ષી સામ્રગી મળેલ છે. તે ઉપરાંત ભારતીય જનતા પક્ષના આગેવાન અને શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારાનુ ૪૫ મિનિટ્ઝ દરમ્યાન નિવેદન લેવામાં આવેલ. રૂ.૪૧૦૦/- દાન લઈ આ ધાર્મીક સંસ્થા એટલે ઉપરોકત અક્ષર પુરુષોતમ સ્વામીનારાયણ મંદિર અને તેના મેનેજર્સ એ ભારતીય જનતા પક્ષના ૧૭૦૦ જેટલા કાર્યકરો/હોદેદારોને ઉપરોકત ધામીક સંસ્થાના સભાગૃહમાં તાલીમ આપવા પરવાનગી આપેલ છે. આમ ધાર્મિક સંસ્થા/ અક્ષર સ્વામીનારા મંદિર (બીએપીએસ) સંસ્થા દ્વારા રાજકીય પક્ષને પોતાના પ્રચાર અને પ્રસાર માટે તેમજ રાજકીય કામગીરી માટે ધાર્મિક સ્થળ ઉપર સમુહને એકઠા થવા પરવાનગી આપેલ જે ઉપરોકત કાયદા હેઠળ (Congnizable) ગુન્હો બને છે.

**અરજદારએ વધુમાં રજુઆત કરેલ હતી કે,** તા.૦૩/૦૪/૨૦૨૪ જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીનાં રિપોર્ટ અક્ષર સ્વામીનારાયણ મંદિર (બીએપીએસ) ધાર્મિક સંસ્થા દ્વારા તેના ધાર્મિક સ્થળમાં રાજકીય ગતિવીધી કરવા અને પ્રચાર કરવા અને રાજકીય પ્રસંગ માટે દાન લઈ ધાર્મિક સ્થળની જગ્યા આવેલ હોવાનુ સ્પષ્ટ આવે છે. જેથી વધુ કોઈ પુરાવાની જરૂર હતી જ નહી આમ છતા ચૂંટણીમાં મતદાનની તારીખ ખુબ નજીક આવી જાય અને આખરી સમયમાં નિર્ણય આપી દેવાય જેથી કોઈ અસરકારક પગલા ન લેવાય તે હેતુથી અરજદાર પાસે વધુ પુરાવો માંગેલ.તા.૨૮/૦૩/૨૦૨૪નો જે પ્રસંગ છે. તે ભારતીય જનતા પક્ષ દ્વારા રાજકીય પ્રસાર અને પ્રચાર માટે ની ગતીવિધી છે તે માટે ભાજપના ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ તેમના ફેસબુક એકાઉન્ટમાં મુકેલ આ પ્રસંગના ફોટોગ્રાફ અને આ પ્રસંગમાં ઉપસ્થિત રહેલ ભાજપના આગેવાનના ફોટોગ્રાફ/વિગતો પૂરી પાડેલ. આ ફોગોગ્રાફસ જોતા તેમા ભાજપના ગુજરાત રાજયના પ્રમુખ સી.આર. પાટીલ ઉપરોકત અક્ષર સ્વામી નારાયણ મંદિર (બીએપીએસ) સંસ્થામાં રાજકીય પ્રવયત અને ચુંટણીલક્ષી માર્ગદર્શન આપવા હોવાનું સ્પષ્ટ દર્શાયેલ છે. તેમજ અક્ષર સ્વામીનારાયણ મંદિર(બીએપીએસ) સંસ્થામાં રાજકોટ જિલ્લાની તમામ વિધાનસભા બેઠક વાર લોકસભા ૨૦૨૪ ને લગત ચૂંટણીનુ સાહિત્ય મંડપ/ પંડાલ બાંધી વહેચણી કરવામાં આવેલ. આવા અનેક ફોટોગ્રાફ છે. ઉપરોકત વિગતે કલેકટરને પુરા પાડવામાં આવેલ પ્રસંગના ફોટોગ્રાફની નકલ આ અરજદારએ રજુ કરેલ.આમ છતા જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીના એ ઉપરોકત પ્રસંગે જે સ્વામી નારાયણ મંદિરના કમ્પાઉન્ડમાં આવેલ ઓડીટોરીયમમાં કરવામાં આવેલ તેમ છતા બંને મિલ્કતો અલગ-અલગ દર્શાવી અને પ્રસંગ તાલીમનો હતો અને જાહેરસભાનો ન હતો તેમ જણાવી ફરીયાદમાં કોઈ કાર્યવાહી કરવા પાત્ર જણાતી નથી. તેવુ જણાવેલ હતી તે બાબતને અપીલમાં ગ્રાહ્ય ન રાખી સ્વામીનારાયણ સંસ્થા( બીએપીએસ) વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે કલેકટરને ગુજરાત રાજય, મુખ્ય ચૂંટણી કમિશનરે આદેશ કરતા ખળભળાટ વ્યાપી ગયેલ છે અને અરજદારો આ બાબતે સતર્ક રહી સત્વરે ફરીયાદ થાય તે માટે કલેકટર રાજકોટને પગલા લેવા માટે રજુઆત કરી રહ્યા છે.

## મહાકાય કંપની દ્વારા આડેધડ ખોદકામ થતાં ખેતીની જમીનને વ્યાપક નુકસાન

# બાબરકોટમાં સિમેન્ટ કંપનીની કાર્યશૈલીથી મહિલા ખેડૂત પરેશાન

ગરીબ ખેડૂતની ખેતીની જમીનની ત્રણેય દિશામાં સિમેન્ટ કંપની દ્વારા ખોદકામ શરૂ કરાયું

આડેધડ ખોદકામ થવાથી માલીકીની ખેતીની જમીનને વ્યાપક પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે

કંપનીની રાજકીય અને આર્થિક શકિત હોવાથી ખેડૂત પરિવારની કોઈ કાળજી લેવાતી નથી

મહિલા ખેડૂતે કલેકટરને આવેદનપત્ર પાઠવીને મદદ કરવા માંગ કરી



અમરેલી, તા.૨૫

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે અમો સહ પરિવાર ખેતી કામ કરીને અમારા પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ. બાબરકોટ ગામના ખેડ ખાતેદાર સર્વે નંબર ૨૧૦/ પૈકી ૨ (૦૦.૫૪.૪૩), ૨૧૦/ પૈકી ૫ (૦૦.૫૪.૪૩) અને ૨૧૦ / પૈકી ૧ (૦૦.૫૪.૪૩) સર્વે નંબરો વાળી જમીન અમે ઉપરોકત અરજદાર માલિકીની જમીન ધરાવીએ છીએ. અને તેમાં ખેતી કામ કરીને અમારા પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ.

વધુમાં જણાવેલ છે કે, હમણાં કેટલાક સમયથી અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ (યુનિટ ગુજરાત સિમેન્ટ વકર્સ કોવાયા) સિમેન્ટ કંપની દ્વારા અમારા ખેતરના શેઢે અને અમારા ખેતરની ત્રણેય બાજુથી માઈનિંગ કરી રહ્યા છે અને ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રદુષણ ફેલાવી રહ્યા છે. જેના કારણે અમારા ખેતીમાં કોઈ પાક થતો નથી. આ કંપની દ્વારા બેફામ માઈનિંગ કરતી હોવાથી ખૂબ જ પ્રદુષણ

અનુસંધાન પાના ૬ ઉપર

## ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરાફેરી બંધ થતી નથી

# સાવરકુંડલામાં વિદેશી દારૂની ૨૬ બોટલ સાથે ૨ આરોપીની પોલીસે અટકાયત કરી

### સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા.૨૫

સાવરકુંડલા ગામે રહેતા આરોપી અનીલભાઈ બાલાભાઈ શિયાળ તથા અનીલભાઈ ભીખાભાઈ ચોટલીયાએ વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ૩૭૫ એમ.એલ.ની રીંગપેક કાચની બોટલો નંગ-૧૪ કિંમત રૂપિયા ૩૦૧૦ તથા ભારતીય બનાવટની વિદેશી બીયર ૫૦૦ એમ.એલ.ની સીલપેંક બીયર બોટલ નંગ-૧૬ તથા બીજી વિદેશી બીયર ૫૦૦ એમ.એલ.ની સીલપેંક બીયર બોટલ નંગ-૧૦ કુલ બોટલો નંગ-૨૬ કિંમત રૂપિયા ૨૬૦૦ મળી કુલ રૂપિયા ૫૬૧૦ના મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## વેપારીને કારનાં ફોટા આધારે ખરીદી કરવી ભારે પડી

# બગસરાનાં વેપારી પાસેથી નાણા લઈને કાર ન આપનાર વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

### વીસનગરનાં પિયુષ પટેલ ઉર્ફે ચિરાગ વિરૂધ્ધ તપાસ શરૂ

અમરેલી, તા. ૨૫

મહેસાણા જિલ્લાના વીસનગર ગામે રહેતા આરોપી પીયુષ પટેલ ઉર્ફે ચિરાગ પટેલે પોતાનું ખોટુ નામ ધારણ કરી બગસરા ગામે મામલતદાર કચેરી પાસે રહેતા જયદેવભારથી ભનુભારથી ગૌસ્વામી નામનાં ૪૮ વર્ષિય વેપારી સાથે ગત તા. ૧૪ ના રોજ મોબાઈલમાં વોટસએપ ઉપર ફોરવ્હીલ સ્વીફટ કાર નં. જી.જે.-૧૮ બીઈ ૧૫૫૬ ના ફોટા બતાવી અને વેચાણ

અનુસંધાન પાના ૬ ઉપર




## કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ

# અમરેલી જિલ્લા અને યુવા ભાજપ દ્વારા દેશ ભકિતનાં ગીતો સાથે મશાલ રેલી યોજાઈ

### ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા પણ જોડાયા



અમરેલી, તા. ૨૫

કારગીલ વિજય દિવસ (તા. ૨૬ જુલાઈ) સમગ્ર દેશ માટે ગૌરવનો દિવસ છે. લગભગ ૩ મહિના સુધી ચાલતો ભારત-પાકિસ્તાન કારગીલ યુદ્ધ દરમિયાન આપણા બહાદુર સૈનિકોએ ૨૬ જુલાઈ, ૧૯૯૯ના રોજ કારગીલમાં વિજય મેળવ્યો હતો. દેશભકિત, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંકલ્પરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા આ દિવસને વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે કારગીલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠઠ છે. તો દેશના યશસ્વી વડાપ્રધાનમાન. નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યુ, ''કારગીલ વિજય દિવસ ભારતના અદ્ભુત યોદ્ધાઓની બહાદુરીની ગાથાને ઉજાગર કરે છે. જે હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણારૂપ રહેશે. આ ખાસ દિવસે, હું તેમને હૃદયથી નમન અને વંદન કરુ છું. જયહિંદ.''

કારગીલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ નિમિતે ભારતીય જનતા પાર્ટીના માન. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડાજીની સૂચના મુજબઆ સંદર્ભે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેમાં અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા દ્વારા આજ રોજ મશાલ રેલીનું આયોજન કરવામાં આવેલ જે મશાલ રેલી ગાંધી બાગથી રાજકમલ ચોક સુધી દેશભકિતના ગીતો સાથે યોજાયેલ જેમાં ગુજરાત સરકારનાં મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા અમરેલી જિલ્લા મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રેખાબેન માવદીયા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, યુવા મોરચાના મહામંત્રી મૌલિક ઉપાધ્યાય, અમરેલી નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, તાલુકા

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)